CITYNEWSRAJKOT@GMAIL.COM | @City News Rajkot Live | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 15

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026
25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 34, Dt. 08-06-2026 (MONDAY) Rs. 02/- Page : 31, RNI No. GUJGUJ/2023/84789

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનનો ચોંકાવનારો સર્વે


# રાજકોટમાં ટ્રાફિક સિગ્નલના 30 સેકન્ડથી આરોગ્ય ઉપર જોખમ ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવન ના પ્રો. યોગેશ જોગસણ અને ડૉ. ધારા દોશીના માર્ગદર્શન હેઠળ સંશોધક ટીમ ઉન્નતી દેસાઈ, રિંકલ વિંઝુડા , ગડારા બંસી અને નેહા બેડીયા દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. આ સંશોધન સૌરાષ્ટ્રના મુખ્ય શહેરોમાં ટ્રાફિક સિગ્નલ પરના પ્રતીક્ષા સમય અને વાહનચાલકોની બેદરકારીની તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર થતી ગંભીર અસરોને ઉજાગર કરે છે. શહેરોના ૧૩૦૦ થી વધુ વાહનચાલકો પર આ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

જ્યારે વાહનચાલકોને પૂછવામાં આવ્યું કે સિગ્નલ પર 30 સેકન્ડથી વધુનો વેઈટિંગ ટાઈમ હોય ત્યારે તમારી માનસિક સ્થિતિ કેવી હોય છે, ત્યારે ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા હતા. આ સ્થિતિમાં ૬૫% લોકોએ સ્વીકાર્યું કે તેઓ તીવ્ર અધીરાઈ અનુભવે છે અને વારંવાર ઘડિયાળ કે સિગ્નલના ટાઈમર સામે જુએ છે. આ ઉપરાંત, સમયસર ન પહોંચવાના ડરથી ૨૨% લોકોમાં હૃદયના ધબકારા વધવા અને પરસેવો વળવા જેવા ચિહ્નો જોવા મળ્યા હતા, જ્યારે માત્ર ૧૩% લોકો જ આવી સ્થિતિમાં શાંત રહી શકતા હતા. કાઠિયાવાડી સ્વભાવની સહજતા ટ્રાફિક સિગ્નલ પર આવતા જ એક અજંપામાં બદલાઈ જતી આ આંકડાઓ પરથી સ્પષ્ટ જોઈ શકાય છે.

આ અધીરાઈની વચ્ચે જ્યારે સિગ્નલ પર તમારી પાછળનું



વાહન ગ્રીન લાઈટ થતા પહેલાં જ સતત હોર્ન વગાડે, ત્યારે તમને કેવો અનુભવ થાય છે તેવા બીજા પ્રશ્નના જવાબમાં સૌરાષ્ટ્રના 'બિનજરૂરી હોર્ન કલ્ચર'ની વરવી વાસ્તવિકતા બહાર આવી હતી. ૭૪% વાહનચાલકોએ જણાવ્યું કે આનાથી તેમને તીવ્ર ગુસ્સો આવે છે અને ઘણીવાર તેઓ પાછળના ચાલક સાથે દલીલમાં ઉતરી પડે છે. જ્યારે ૧૮% લોકોએ એવું સ્વીકાર્યું કે અચાનક થતા આવા તીવ્ર અવાજથી તેમનું માથું દુખવા લાગે છે અથવા માનસિક સંતુલન બગડે છે, જે રસ્તા પર તાત્કાલિક અશાંતિ ઊભી કરે છે. ૫૪% પુરુષ વાહનચાલકોએ સ્વીકાર્યું કે તેઓ અવારનવાર રોડ રેજનો ભોગ બને છે, ગુસ્સામાં બૂમો પાડે છે કે ઝઘડા પર ઉતરી આવે છે. તેનાથી વિપરીત, ૪૦% સ્ત્રી વાહનચાલકોએ જણાવ્યું કે આવી સ્થિતિમાં તેઓ ઝઘડવાને બદલે ભારે માનસિક તણાવ, ડર અને ચિંતાનો અનુભવ કરે છે.




## ટ્રાફિક સિગ્નલ પર 30 સેકન્ડનું વેઈટિંગ પણ બને છે તણાવનું કારણ

**65% લોકો થયા અધીરા**

30 સેકન્ડથી વધુ રાહ જોવી પડે ત્યારે ૬૫% વાહનચાલકો અધીરાઈ અનુભવે છે અને વારંવાર ટાઈમર તરફ જુએ છે.

**22% લોકોમાં વધે છે ધબકારા**

સમયસર ન પહોંચવાના ડરથી ૨૨% લોકોમાં હૃદયના ધબકારા વધવા અને પરસેવો વળવા જેવા લક્ષણો જોવા મળ્યા.

**હોર્નથી 74% લોકોને ગુસ્સો**

ગ્રીન સિગ્નલ પહેલાં જ પાછળથી હોર્ન વગાડવામાં આવે ત્યારે ૭૪% વાહનચાલકોમાં ગુસ્સો અને ઝઘડાની સ્થિતિ સર્જાય છે.

**54% પુરુષો રોડ રેજના શિકાર**

ટ્રાફિક જામ અને ખોટી ઓવરટેકિંગના કારણે ૫૪% પુરુષો ગુસ્સે થઈ ઝઘડા કે અપશબ્દો સુધી પહોંચે છે.


**40% મહિલાઓમાં ડર અને ચિંતા**

રોડ રેજની સ્થિતિમાં મહિલાઓ ઝઘડાને બદલે માનસિક તણાવ, ડર અને ચિંતાનો વધુ અનુભવ કરે છે.

**80% લોકોનો તણાવ ઘરે પણ પહોંચે છે**

ટ્રાફિકમાંથી પસાર થયા બાદ ૩૧થી ૪૫ મિનિટ સુધી માનસિક થાક અને ચિડચિડાપણું યથાવત રહે છે.




સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Velvet Circle
RAJKOT
IMMERSIVE
YOGA
EXPERIENCE
A calming sound, breath, and mindfulness journey
DATE:
19 June 2026
TIME:
6:00 PM to 8:00 PM
LOCATION:
Saraza, Rajkot
BOOKING CONTACT
+91 9913419494 | +91 9998998980
RESERVE YOUR SPOT TODAY
LIMITED SPACES AVAILABLE

# ધૂણવાના 'નાટક'

## હનુમાનજીની કથામાં કોઈ ભૂત-પ્રેત આવે ?



## ધૂણતી વ્યક્તિ કોઈ દિ' કોઈની મારપીટ ન કરે : મહિલા ખોટી ધૂણતી હતી ?

રાજકોટમાં રવિવારે યોજાયેલ બાબા બાગેશ્વર ધામના દિવ્ય દરબાર બાદ ઉભી થયેલી પરિસ્થિતિએ માત્ર ચર્ચા જ નહીં, પરંતુ ગંભીર સવાલો પણ ઊભા કર્યા છે. કાર્યક્રમ દરમિયાન ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીની હાકલ બાદ મોટી સંખ્યામાં લોકો અચાનક “ધૂણવા” લાગ્યા અંદાજે ૫૦ જેટલા લોકોના આવા દૃશ્યો સામે આવ્યા. આ વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થયા અને લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા.

આ સમગ્ર ઘટનામાં સૌથી મોટો વિરોધાભાસ એ છે કે, જ્યાં હનુમાન કથા ચાલી રહી હતી જ્યાં માનવામાં આવે છે કે દેવ હાજર-હજૂર હોય છે અને જ્યાં જવાથી ભૂત-પ્રેત ભાગી જાય છે એ જ સ્થળે મોટી સંખ્યામાં લોકો “પ્રેતબાધા” જેવી સ્થિતિમાં દેખાય, તો પ્રશ્નો ઊભા થવા સ્વાભાવિક છે. શું આ આસ્થાનો પ્રભાવ છે કે પછી કોઈ સામૂહિક માનસિક અસર?

સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર...

● તંત્રી ●

**અનિરુદ્ધ નકુમ**

આવા દૃશ્યોને અંધભક્તિથી સ્વીકારી લેવું સરળ છે, પરંતુ તર્કથી જોવું મુશ્કેલ. ભીડમાં એક વ્યક્તિનું વર્તન બીજી પર અસર કરે છે મનોચિકિત્સા તેને “સામૂહિક ઉશ્કેરાટ” કહે છે. જ્યારે વાતાવરણ, ભાષણ અને માન્યતાઓ એકસાથે અસર કરે, ત્યારે ઘણા લોકો અસામાન્ય રીતે પ્રતિક્રિયા આપે આ કોઈ અલૌકિક ઘટના નહીં, પણ માનસિક પ્રક્રિયા હોઈ શકે છે.

પરંતુ અહીં વધુ ગંભીર મુદ્દો છે જવાબદારીનો. હજારો લોકોની વચ્ચે આવી પરિસ્થિતિ સર્જાય, તો આયોજકો શું કરી રહ્યા હતા? શું માત્ર ધાર્મિક હાકલ પૂરતી છે? કે પછી ભીડની સુરક્ષા, નિયંત્રણ અને સમજણ માટે પણ કોઈ વ્યવસ્થા હોવી જોઈએ?

જો આવી સ્થિતિમાં કોઈને ઈજા થાય અથવા અફરાતફરી ફેલાય, તો જવાબ કોણ આપશે?

સમાજ માટે આ ઘટના એક ચેતવણી છે. શું આપણે હજુ પણ “ભૂત-પ્રેત”ના નામે બનેલા દૃશ્યોને ચમત્કાર માનતા રહીશું? કે પછી તર્ક અને વિજ્ઞાનના આધાર પર પ્રશ્નો પૂછવાનું શરૂ કરીશું? આસ્થા વ્યક્તિગત હોઈ શકે, પરંતુ જ્યારે તે જાહેર કાર્યક્રમમાં આકાર લે છે, ત્યારે તે સામાજિક જવાબદારી બની જાય છે.



# પાવાગઢનું રહસ્ય શું છે જે દુનિયાને હચમચાવી દે છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પાવાગઢ ગુજરાતનું સૌથી શક્તિશાળી અને રહસ્યમય તીર્થસ્થાન છે. પંચમહાલ જિલ્લામાં આવેલી આ ૮૦૦ મીટર ઊંચી ટેકરી પર માં મહાકાળી માતાનું મંદિર આવેલું છે. કહેવાય છે કે ભગવાન કૃષ્ણની ડાબા પગનો અંગૂઠો અહીં પડ્યો હતો એટલે એનું નામ પાવાગઢ પડ્યું. પણ આ જગ્યાની સૌથી મોટી વાત એ છે કે અહીં વિજ્ઞાન પણ હારી જાય છે.

### રહસ્ય ૧: દીવો કેમ બુઝાતો નથી

માતાજીના ગર્ભગૃહમાં અખંડ દીવો છેલ્લા ૫૦૦ વર્ષથી સત બળે છે. આ દીવો ક્યારેય બુઝાયો નથી. તોફાન આવે વરસાદ આવે વાવાઝોડું આવે પણ જ્યોત હલતી પણ નથી. પૂજારી કહે છે કે આ દીવામાં તેલ-ઘી રોજ ભરવામાં આવે છે પણ પવનથી બચાવવા માટે કોઈ કાચ કે ઢાંકણ નથી. છતાં જ્યોત સીધી જ બળે છે. વૈજ્ઞાનિકો આજ સુધી સમજી શક્યા નથી કે આટલી ઊંચાઈ પર પવનમાં દીવો કેવી રીતે સ્થિર રહે છે.

### રહસ્ય ૨: પથ્થર તરે છે

પાવાગઢની ટેકરી પર એક એવો પથ્થર છે જે પાણીમાં તરે છે. લોકો એને “તરતો પથ્થર” કહે છે. સામાન્ય પથ્થર તો ડૂબી જાય પણ આ પથ્થર પાણીની સપાટી પર તરતો રહે છે. વૈજ્ઞાનિકો કહે છે કે એમાં હવા ભરેલા ખાડા છે એટલે તરે છે. પણ લોકલ માન્યતા છે કે આ માં કાલિકાનો ચમત્કાર છે. જે ભક્ત સાચા દિલથી માગે એનો પથ્થર તરી જાય છે.

### રહસ્ય ૩: રાતે પગલાંના અવાજ

રાજા પતાઈ રાવળની રાજધાની હતી પાવાગઢ. કહેવાય છે કે પૂનમની રાતે કિલ્લાના ખંડેરમાંથી ઘોડાના ડાબલા અને પાયલના અવાજ આવે છે. રક્ષકો અને લોકલ લોકોએ ઘણી વાર આ અવાજ સાંભળ્યા છે. લોકો માને છે કે રાણી રૂપમતી અને રાજા પતાઈના આત્મા આજે પણ કિલ્લાની રખેવાળી કરે છે. રાતે ૧૨ વાગ્યા પછી ત્યાં કોઈ રોકાતું નથી.

### રહસ્ય ૪: મંદિરના દરવાજા ખુલી જાય છે

માતાજીના મંદિરનો મુખ્ય દરવાજો ભારે લોખંડનો છે. રોજ સવારે ૪ વાગે પૂજારી આવે ત્યારે દરવાજો જાતે જ ખુલી જાય છે એવું કહેવાય છે. કોઈ ચાવી નથી હોતી કોઈ મશીન નથી. ફક્ત માતાજીના નામનો જયકાર થાય અને દરવાજો ખુલી જાય. ૫૦૦ વર્ષથી આ ક્રમ ચાલે છે. CCTV માં પણ ક્યારેય કોઈ બહારથી ખોલતું દેખાયું નથી.

### રહસ્ય ૫: નીચે શહેર દટાયેલું છે

પાવાગઢની ટેકરી ખોદતા હજારો વર્ષ જૂની મૂર્તિઓ સિક્કા અને મંદિરના અવશેષો મળે છે. ASI ના સંશોધન મુજબ નીચે આખું શહેર દટાયેલું છે. કહેવાય છે કે મુઘલોના આક્રમણ વખતે રાજા પતાઈ રાવળે આખું શહેર જમીનમાં દાટી દીધું હતું જેથી દુશ્મનને ખજાનો ન મળે. આજે પણ રાતે ખોદકામ કરનારાઓને સોનાના સિક્કા ખખડવાનો અવાજ આવે છે. પાવાગઢ ફક્ત એક ટેકરી નથી. એ આસ્થા ચમત્કાર અને રહસ્યનું મિશ્રણ છે. અખંડ દીવો તરતો પથ્થર રાતના પગલાં દરવાજા ખુલવા આ બધું સાયન્સથી સમજાવી શકાતું નથી. લોકો માને છે કે જ્યાં સુધી માતાજીની ઈચ્છા છે ત્યાં સુધી આ રહસ્ય ઉકેલાશે નહીં.



## બાબા બાગેશ્વરે હૂંકાર કરતા જ મહિલા–પુરૂષો ધૂણ્યા; ભૂત–પ્રેત...આવ્યા

# ધુણતી મહિલાને પત્રકારે મેથીપાક ચખાડતા ભૂત-પ્રેત ભાગી ગયું?


## અંધશ્રધ્ધા ફેલાવવી હોત તો રાજકોટ આવેત જ નહીં : ધીરેન્દ્ર શાસ્ત્રી

સૌરાષ્ટ્ર સનાતન સમિતિ દ્વારા રાજકોટના આંગણે આયોજિત ભવ્ય 'સનાતન સેતુ હનુમાન કથા'ના ત્રીજા દિવસે એક અભૂતપૂર્વ અને ભવ્ય લોક દરબાર (દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવ્ય દરબારમાં બાબા બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીને સાંભળવા અને તેમના આશીર્વાદ લેવા માટે મોટી સંખ્યામાં ભક્તો અને અનુયાયીઓ ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.દિવ્ય દરબાર દરમિયાન ઉપસ્થિત ભક્ત સમુદાયને સંબોધિત કરતા ધર્મ, ભક્તિ અને સમાજસેવા સાથે જોડાયેલા અનેક મહત્વપૂર્ણ સંદેશા આપવામાં આવ્યા હતા. દરબારમાં ભાવિકોને પ્રેરણા આપતા જણાવવામાં આવ્યું હતું કે,"પ્રભુ ભલે સપનામાં હોય કે દિલમાં, તેઓ હંમેશા પોતાના સાચા ભક્તોની સાથે જ રહે છે. ઈશ્વર પરનો અડગ વિશ્વાસ જ માણસને દરેક મુશ્કેલીઓમાંથી બહાર કાઢે છે. ભારતમાં જન્મેલો પ્રત્યેક વ્યક્તિ હિન્દુપોતાના આક્રમક અને સ્પષ્ટ વક્તા તરીકેની શૈલી માટે જાણીતા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ



હિન્દુત્વ અંગે મોટું નિવેદન આપતા જણાવ્યું હતું કે, ભારતમાં જન્મેલી પ્રત્યેક વ્યક્તિ હિન્દુ છે. તેમણે સનાતન ધર્મની એકતા અને સમરસતા પર ભાર મૂકીને સમાજને સંગઠિત થવા આહવાન કર્યું હતું.છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલા વિરોધ અને અંધશ્રદ્ધાના આરોપો સામે બાબા બાગેશ્વરે રાજકોટની ધરતી પરથી જ ગર્જના કરતા વિરોધ કરનારાઓને જડબાતોડ જવાબ આપ્યો હતો.તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કેઃ"જો મારે અંધશ્રદ્ધા જ ફેલાવવી હોત, તો હું રાજકોટ ક્યારેય ન આવ્યો હોત. સનાતન ધર્મ એ વિજ્ઞાન અને સંસ્કારોનો સમન્વય છે, તેમાં અંધશ્રદ્ધાને કોઈ સ્થાન નથી.

## વિજ્ઞાન જાથા કોર્ટમાં જશે તો અમે અમારો પક્ષ ચોક્કસ રજૂ કરશું : આયોજક મંગેશ દેસાઈ



સનાતન સેતુ કથાના આયોજક મંગેશ દેસાઈએ નિવેદન આપતા કહ્યું, કોર્ટમાં અમે અમારી રજુઆત તેની ફરિયાદ સામે ચોક્કસ કરીશું. આયોજક સમિતિ કે ધીરેન્દ્રકૃષ્ણ શાસ્ત્રીએ કોઈને ધુણવા આમંત્રણ આપ્યું ન હતું માત્ર તેઓ મંત્ર બોલ્યા અને કેટલાક લોકો ધુણવા લાગ્યા હતા. વિજ્ઞાન જાથા એક NGO છે એમને વિજ્ઞાનન પ્રચાર કરવાનો હોય છે અને એમાં અમે તેમને ટેકો આપીએ છીએ. પરંતુ વિજ્ઞાન પણ આપણા વેદોમાંથી જ ઉભું થયું છે અને આદિ અનાદિ કાળથી દરેક ધર્મમાં ધુણતા લોકો હોય છે એમાં કોઈ વિવાદની વાત છે નહિ.

# રાજકોટ દિવ્ય દરબાર વિવાદ
# બાબા સામે આક્રોશ અને કાયદાકીય માંગ

## વિજ્ઞાન જાથા અને સામાજિક અગ્રણી દ્વારા કડક કાર્યવાહીની માંગ

સિટી ન્યૂઝ@રાજકોટ

રેસકોર્સ મેદાનમાં યોજાયેલા બાગેશ્વરધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીના દિવ્ય દરબાર બાદ રાજકોટમાં ભારે વિવાદ સર્જાયો છે. કથાના છેલ્લા દિવસે માનસિક રીતે બીમાર લોકોને એકત્ર કરી તેમની સાથે કરાયેલી અવૈજ્ઞાનિક સારવાર અને પ્રેત આત્માના નામે કરવામાં આવેલા ધતિંગ સામે ભારત જન વિજ્ઞાન જાથા અને સામાજિક અગ્રણી પુરુષોત્તમ પીપળીયાએ મોરચો માંડ્યો છે. આ આખી ઘટનાને માત્ર સંયોગ નહીં, પરંતુ એક પૂર્વનિયોજિત અને પ્લાન્ટેડ ઢોંગ ગણાવીને બાબા સામે સુઓમોટો ગુનો દાખલ કરવાની માંગણી કરવામાં આવી છે. વિરોધ કરનારાઓનું માનવું છે કે, આસ્થાના નામે જે રીતે ભોળી જનતાની મજબૂરીનો લાભ લેવામાં આવ્યો છે, તે સમાજ અને માનવતા માટે ખતરાની ઘંટડી સમાન છે.

## અંધશ્રદ્ધાના ઓથા હેઠળ માનસિક દર્દીઓના શોષણઃ જયંત પંડ્યા

વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યાએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે હનુમંત કથાના નામે બે દિવસ ભગવાનના ગુણાનુવાદ કરવાને બદલે અશાંતિ ફેલાવનારા વિવાદાસ્પદ નિવેદનો આપવામાં આવ્યા હતા. કથાના સમાપને માનસિક દર્દીઓને હનુમાન ચાલીસા બોલાવી જે રીતે ઉપચાર કરવામાં આવ્યો, તે માનવ જીવન અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સાથેનં ગંભીર ખિલવાડ છે. મેડિકલ સારવાર લેવાને બદલે માત્ર ધાર્મિક



મંત્રોના બળે રોગ મટી જશે તેવી ભ્રામક સલાહ આપીને દર્દીઓને લાંબા ગાળાના નુકસાન તરફ ધકેલવામાં આવ્યા છે. આ માટે બાબા અને આયોજકો સામે ગુજરાત માનવ બલિ અને અન્ય અમાનવીય અનિષ્ઠ પ્રથા તથા કાળા જાદુ અટકાવવા અને નિર્મૂલન કરવાના ૨૦૨૪ના અધિનિયમ હેઠળ ગુનો નોંધવા મુખ્યમંત્રી અને પોલીસ વડાને રજૂઆત કરવામાં આવશે.

કથાના આયોજકો પર જાહેરનામાના ભંગનો પણ આરોપ છે, કારણ કે રાત્રિના ૧૦ વાગ્યા પછી માઇક વગાડવાની સ્પષ્ટ મનાઈ હોવા છતાં નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થયું હતું. વિજ્ઞાન જાથાએ જણાવ્યું કે હજારોની મેદનીને પ્રલોભન આપીને માત્ર ૨૦ થી ૨૫ લોકોને દરબારમાં બોલાવીને ભોળા લોકો સાથે છેતરપિંડી કરવામાં આવે છે. દરેક શ્રદ્ધાળુ પાસેથી શ્રીફળના નામે ૫૦ રૂપિયા જેવો આર્થિક ખર્ચ કરાવીને આસ્થાના નામે મોટું વેપાર કેન્દ્ર ચલાવવામાં આવી રહ્યું છે. આવા કૃત્યો માત્ર ભ્રમ જ નથી ફેલાવતા, પરંતુ સમાજમાં વૈમનસ્ય પણ પેદા કરે છે, જે લોકશાહી અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા દેશ માટે અત્યંત ચિંતાજનક છે.

## સામાજિક અગ્રણી પુરુષોત્તમ પીપળીયાનો બાબાને ખુલ્લો પડકાર

### પીપળીયાએ કહ્યું-ડાકીની, પિચાશીનીને ધુણાવી લોકો પર હુમલો કરાવ્યો, બાબા સામે પોલીસ સુઓમોટો કરે



સૌરાષ્ટ્રના અગ્રણી પરસોત્તમ પીપળીયાએ રાજકોટમાં યોજાયેલા બાગેશ્વરધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબારનો સખત વિરોધ કર્યો છે. કથાના અંતે જાહેરમાં લોકોને ધુણાવવાની ઘટનાને તેમણે પૂર્વનિયોજિત ઢોંગ ગણાવી, બાબા સામે અંધશ્રદ્ધા ફેલાવવા બદલ 'સુઓમોટો' ગુનો દાખલ કરવાની માંગ કરી છે.પીપળીયાએ આક્ષેપ કર્યો છે કે દિવ્ય દરબારમાં પ્રેતના નામે ધૂણતા લોકો દ્વારા પત્રકારો પર હુમલો કરાયો અને એક નિર્દોષ બાળકને ધૂણાવીને તેની સાથે ખિલવાડ કરવામાં આવ્યો. તેમણે ડાકીની-પિશાચિનીના નામે થતા આ કૃત્યોને અંધશ્રદ્ધાનું વેપારીકરણ ગણાવી બાબા અને આયોજકોની ઝાટકણી કાઢી હતી.પરસોત્તમ પીપળીયાએ બાબાને પડકાર ફેંક્યો છે કે જો તેમનામાં તાકાત હોય તો તેઓ




કોઈ પણ મીડિયા હાઉસમાં આવીને સામસામે ચર્ચા કરે. પીપળીયાના મતે આ કોઈ દિવ્ય દરબાર નથી, પરંતુ માત્ર પ્રેત દરબાર છે. મેડિકલ ડિગ્રી વિના રોગ મટાડવાની ખાતરી આપવી અને ચિઠ્ઠી દ્વારા ભવિષ્ય ભાખવું એ દૈવી ચમત્કાર નહીં, પણ જાદુગરીની સામાન્ય ટેકનિક છે.પીપળીયા જ્યારે વિરોધ કરવા કાર્યક્રમ સ્થળે પહોંચ્યા, ત્યારે પોલીસે તેમની અટકાયત કરી હતી. રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં નિયમોના ઉલ્લંઘન અને બાળકના સ્વાસ્થ્ય સાથેના ચેડાં અંગે પણ પ્રશ્નો ઉઠ્યા છે. આયોજકોની બેદરકારી અને અંધશ્રદ્ધા ફેલાવવા બદલ જવાબદારો સામે કડક કાયદાકીય કાર્યવાહીની માંગ પ્રબળ બની છે.




## ફૂડમાં ફ્રોડ બંધ કરો | મેયર નેહલ શુક્લની મોટી જાહેરાત

# ભેળસેળિયાઓ પર તૂટી પડશે મહાપાલિકા

# રાજકોટમાં ‘ફૂડ વોર’ શરૂ!

## ફાસ્ટ ફૂડમાં ઝેર મિક્સ કરનારાઓ સાવધાન કડક ઝૂંબેશ કરાશે



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં વધતી ભેળસેળની સમસ્યાને ગંભીરતાથી લઈને મેયર નેહલ શુક્લાએ મોટો નિર્ણય લીધો છે. શહેરની પ્રજાના આરોગ્ય પર ઊભા થયેલા જોખમને ધ્યાનમાં રાખીને હવે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શુદ્ધ ફૂડ માટે વિશેષ મહાઝુંબેશ શરૂ કરવામાં આવશે.

મેયરે સ્પષ્ટ જણાવ્યું છે કે ફાસ્ટ ફૂડ સહિતના ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરતી દુકાનો અને વેપારીઓ સામે હવે શૂન્ય સહનશીલતા રાખવામાં આવશે. આ ઝુંબેશ હેઠળ મહાપાલિકાની ટીમો શહેરના વિવિધ વિસ્તારોમાં અચાનક ચકાસણી કરશે અને જ્યાં ભેળસેળ કે અશુદ્ધતા મળશે ત્યાં કડક કાર્યવાહી હાથ ધરાશે.

ખાસ કરીને રસ્તા પર મળતા ફાસ્ટ ફૂડ, નાસ્તા અને ખાણીપીણીની વસ્તુઓમાં ગુણવત્તા જાળવવા માટે સેમ્પલિંગ, લાયસન્સ ચેકિંગ અને હાઈજિનની ચકાસણી કરવામાં આવશે. નિયમોનું પાલન ન કરનારાઓ સામે દંડ, સીલિંગ અથવા લાયસન્સ રદ કરવાની કાર્યવાહી પણ થઈ શકે છે.

મેયર નેહલ શુક્લાએ શહેરવાસીઓને પણ અપીલ કરી છે કે તેઓ સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ખોરાક પસંદ કરે અને જો ક્યાંય ભેળસેળ અથવા અશુદ્ધતા જોવા મળે તો તાત્કાલિક મહાપાલિકાને જાણ કરે.

રાજકોટમાં આ મહાઝુંબેશ શરૂ થતાં હવે ભેળસેળિયાઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરમાં સ્વચ્છ અને સુરક્ષિત ખોરાક ઉપલબ્ધ થાય તે માટે મહાપાલિકાનો આ પગલું મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.




# હું ગુજરાતની સૌથી મોટી ખંડણીખોર છું: થાય તે કરી લો : કીર્તિ પટેલ


■ ભાવનગરની વિવાદાસ્પદ મહિલા પોલીસ કર્મી નયના બારૈયાના સપોર્ટમાં આવી કિર્તી પટેલ

■ રાજુ ભાંભર અને નયના બારૈયાના સબંધો તૂટતા કિર્તી અને રાજુ ભાંભર વચ્ચે જંગ શરૂ થયો

## કિર્તી પટેલ વિરૂધ્ધ પોલીસમાં ખંડણીખોર છે તેવી અરજી કરતા મામલો બિચક્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સોશિયલ મીડિયા પર પોતાના બેફામ નિવેદનો અને વિવાદોને કારણે હંમેશા ચર્ચામાં રહેતી કીર્તિ પટેલનો એક નવો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોમાં તે જાતે જ પોતાની જાતને "ગુજરાતની સૌથી મોટી ખંડણીખોર" ગણાવી રહી છે, જેને લઈને રાજ્યભરમાં ભારે આશ્ચર્ય અને ટીકાઓનો દોર શરૂ થયો છે. સામાન્ય રીતે લોકો પોતાની છબી સુધારવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા હોય છે, પરંતુ કીર્તિ પટેલનું આ નિવેદન તેની ઉદ્ધતાઈ કે પછી લોકોનું ધ્યાન ખેંચવા માટેનો કોઈ નવો સ્ટંટ છે, તે અંગે લોકોમાં તર્ક-વિતર્ક થઈ રહ્યા છે.,પોતાને ખંડણીખોર ગણાવીને આ પ્રકારનું નિવેદન આપવું તે કાનૂની દ્રષ્ટિએ



પણ ગંભીર બાબત ગણી શકાય.

જોકે, વીડિયો વાયરલ થયા બાદ હવે સોશિયલ મીડિયા યુઝર્સ પણ આકરી પ્રતિક્રિયા આપી રહ્યા છે. કેટલાક લોકો તેને પબ્લિસિટી મેળવવાની સસ્તી તરકીબ ગણાવી રહ્યા છે, તો કેટલાક લોકો પોલીસ તપાસની માંગ કરી રહ્યા છે કે શું ખરેખર તે આવા કોઈ ગેરકાયદેસર કામોમાં સંડોવાયેલી છે કે માત્ર ફેમસ થવા માટે બફાટ કરી રહી છે.

અગાઉ પણ કીર્તિ પટેલ અનેક પોલીસ કેસ અને વિવાદોમાં સપડાઈ ચૂકી છે. તેમ છતાં, આવી રીતે જાહેરમાં પોતાની ગુનાહિત ઓળખ ઉભી કરવાનો પ્રયાસ કરવો તે સમાજમાં ખોટો સંદેશ આપે છે. હાલ તો આ વીડિયોના આધારે કાયદાકીય તપાસ થાય છે કે કેમ, તે જોવું રહ્યું. પરંતુ, એક વાત તો સ્પષ્ટ છે કે સોશિયલ મીડિયા પર ’લાઈક્સ’ અને ’વ્યુઝ’ની ભૂખમાં લોકો કઈ હદ સુધી જઈ શકે છે, તેનું આ એક જીવંત ઉદાહરણ છે. હવે જોવાનું એ છે કે આ વિવાદિત નિવેદન બાદ પોલીસ તંત્ર આ ’સેલ્ફ-પ્રોક્લેમ્ડ’ ખંડણીખોર સામે કોઈ કડક પગલાં ભરે છે કે પછી આ મામલો પણ માત્ર વાયરલ વીડિયો બનીને વિસરાઈ જશે.






**સિટી ન્યૂઝ@રાજકોટ**

સુરત મહાનગરપાલિકાએ પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે ડેપ્યુટી કમિશનર સહિત તમામ અધિકારીઓ ફિલ્ડમાં નેમ પ્લેટ સાથે દેખાશે, જેથી સામાન્ય નાગરિકોને સીધો ખ્યાલ રહે કે કયો અધિકારી કઈ કામગીરી માટે જવાબદાર છે. આ નિર્ણયથી લોકોમાં વિશ્વાસ વધશે તેમજ તંત્ર અને નાગરિકો વચ્ચેનો અંતર ઘટશે. ફિલ્ડમાં કામ કરતી વખતે અધિકારીઓની ઓળખ સ્પષ્ટ હોવાથી ફરિયાદો, રજૂઆતો અને જવાબદારી નક્કી કરવામાં સરળતા રહેશે. સુરત મહાનગરપાલિકાનો આ પગલું "ગુડ ગવર્નન્સ" તરફનો મહત્વપૂર્ણ પ્રયાસ માનવામાં આવી રહ્યો છે. પરંતુ બીજી તરફ રાજકોટ મહાનગરપાલિકાની સ્થિતિ જુદી છે. અહીં અનેક વિસ્તારોમાં નાગરિકો વારંવાર ફરિયાદ કરે છે કે ફિલ્ડમાં આવતા અધિકારીઓની ઓળખ સ્પષ્ટ નથી હોતી, જેના કારણે જવાબદારી નક્કી કરવી મુશ્કેલ બને છે. અનેક વિકાસકાર્યોમાં વિલંબ અને બેદરકારીના આક્ષેપો વચ્ચે આવી પારદર્શિતા વધુ જરૂરી બની ગઈ છે. વહીવટને વધુ પારદર્શક બનાવવા પાલિકા એક ક્રાંતિકારી પગલું ભરવા જઈ રહી છે. રાજકોટ મહાનગરપાલિકાએ પણ સુરત મોડલ અપનાવવાની તાત્કાલિક જરૂર છે. તમામ અધિકારીઓ માટે ફિલ્ડમાં નેમ પ્લેટ ફરજિયાત કરવી. ફરિયાદ માટે જવાબદાર અધિકારીની ઓળખ જાહેર કરવી. દરેક કામગીરીમાં જવાબદારી નિશ્ચિત કરવી. જો રાજકોટમાં પણ આવી વ્યવસ્થા અમલમાં આવે, તો નાગરિકોનો વિશ્વાસ વધશે અને તંત્ર વધુ જવાબદાર બની શકશે.

## લોકો સંકોચ વગર અધિકારીઓને સમસ્યા કહી શકશે

કમિશનર ફિલ્ડમાં SMC કમિશનર લખેલી ટી-શર્ટ પહેરે છે. તેમનું માનવું છે કે, સામાન્ય નાગરિકો કમિશનરને ચહેરાથી ઓળખતા નથી. જ્યારે અધિકારીઓ આ રીતે જશે ત્યારે નાગરિકોને તરત જ ખબર પડશે કે તેઓ કોણ છે, જેથી લોકો સંકોચ વગર સીધી ઉચ્ચ અધિકારીઓને સમસ્યાઓ રજૂ કરી શકશે.

## આ પ્રયોગથી પાલિકાના વહીવટમાં શું મોટો ફાયદો થશે?

ફિલ્ડમાં કયા વિસ્તારમાં કયા અધિકારી છે તેની ઓળખ સરળ બનતા કામની ગુણવત્તા અને જવાબદારી વધશે. ઘણીવાર વચેટીયા કે ખોટા તત્વો પાલિકાના અધિકારીનો સ્વાંગ રચી છેતરતા હોય છે. જ્યારે લોકો જોશે કે ક્લાસ-૧ અધિકારીઓ પણ ઓળખ સાથે ગ્રાઉન્ડ પર પરસેવો પાડી રહ્યા છે, ત્યારે પ્રશાસન પ્રત્યે વિશ્વાસ વધુ મજબૂત બનશે.

## શું ફાયદો થાય?

- ઓળખ સ્પષ્ટ થાય
- નાગરિકોને તરત ખબર પડે કે કયો અધિકારી કઈ જવાબદારી સંભાળી રહ્યો છે.
- "કોણ જવાબદાર?" એવો પ્રશ્ન રહેતો નથી.
- જવાબદારી નક્કી થાય
- નેમ પ્લેટ હોવાથી કામમાં બેદરકારી કરવી મુશ્કેલ બને છે.
- કોઈ ફરિયાદ હોય તો સીધા જ જવાબદાર અધિકારી સુધી પહોંચી શકાય.
- ફરિયાદ પ્રોસેસ સરળ બને
- લોકોને વારંવાર ઓફિસના ચક્કર લગાવવા ન પડે.
- ફિલ્ડમાં જ અધિકારીને રજૂઆત કરી શકાય.
- ભ્રષ્ટાચાર અને બેદરકારીમાં ઘટાડો
- જ્યારે ઓળખ જાહેર હોય, ત્યારે ગેરરીતિ કરવાની હિંમત ઓછી થાય છે.
- ટ્રાન્સપેરન્સી વધે છે.
- જનતા અને તંત્ર વચ્ચે વિશ્વાસ વધે
- લોકોને લાગે કે તંત્ર ખુલ્લું અને જવાબદાર છે.
- "કોઈ સાંભળતું નથી" એવી ભાવના ઘટે છે.
- કામની ગતિ તેજ થાય
- જવાબદારી સ્પષ્ટ હોવાથી અધિકારીઓ કામ ટાળતા નથી.
- પરિણામે કામ ઝડપથી પૂરું થાય છે.




**સિટી ન્યૂઝ@રાજકોટ**

દેશભરમાં આજે રાંધણ ગેસના ભાવમાં રૂ. ૨૯નો વધારો કરવામાં આવ્યો છે. અચાનક થયેલા આ ભાવવવધારને લઈને ગૃહિણીઓમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. ગેસના ભાવમાં થયેલા અસહ્ય વધારાને કારણે સામાન્ય પરિવારોના ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે ત્યારે એક મહિલાએ વ્યથા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હવે ઘર ચલાવવા નવા હુન્નર અજમાવવા પડે છે. તો અન્ય એક મહિલાએ તો સવાલ ઉઠાવ્યો હતો કે, આમાં સામાન્ય માણસે જીવવું કે મરી જવું ? સરકાર તાત્કાલિક ધ્યાન આપે તે જરૂરી છે.આ અંગે પોતાના મનની વ્યથા ઠલવતા સ્થાનિક ગૃહિણી સોનલબેન સ્વામીએ જણાવ્યું હતું કે, મોંઘવારી હવે મધ્યમ વર્ગની કમર તોડી રહી છે. આ પહેલા ગેસ સિલિન્ડરનો ભાવ રૂ. ૯૧૮ હતો, જે રાતોરાત વધીને હવે રૂ. ૯૪૭ થઈ ગયો છે. આ આકરા ભાવ વધારા સામે અમારી માસિક આવક મર્યાદિત હોવાથી ઘરનું ગાડું માંડ-માંડ તાણીતુસીને ભેગું કરવું પડે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, માત્ર રાંધણ ગેસ જ નહીં, પરંતુ છેલ્લા કેટલાક સમયથી LPG, લીલા શાકભાજી, દૂધ અને બાળકોની સ્કૂલ ફી સહિતની તમામ બાબતોમાં સતત ભાવ વધારો થઈ રહ્યો છે. મોંઘવારીના સમયમાં દર મહિને જાણે ગૃહિણીઓની અગ્નિપરીક્ષા લેવાતી હોય તેવું લાગી રહ્યું છે. દર વખતે નવો ભાવ વધારો આવે ત્યારે અમારે ઘર ચલાવવા માટે કયા આયોજનો કરવા અને કઈ રીતે પૈસા બચાવવા તે માટે નવા હુન્નર અજમાવવા પડે છે. એક સમય હતો જ્યારે મહિલાઓ ઘરખર્ચમાંથી થોડી-ઘણી કકસર કરીને ભવિષ્ય માટે બચત કરી શકતી હતી, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં કોઈ પણ પ્રકારની બચત કરવી સાવ અશક્ય બની ગઈ છે.સરકાર સમક્ષ અપીલ કરતા સોનલબેન સ્વામીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, જો સરકાર દેશની અર્થવ્યવસ્થાને ખરેખર સુધારવા માંગતી હોય, તો તેમણે સૌથી પહેલા ગૃહિણીના રસોડાનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. રસોડાનું બજેટ સુધરશે તો જ દેશના સામાન્ય લોકોને સાચા અર્થમાં રાહત મળશે. ત્યારે સરકાર આ દિશામાં પગલાં લે તે જરૂરી છે.

# સતત વધતી મોંઘવારીના કારણે જમવું કે ભૂખ્યા રહેવું એ મોટો પ્રશ્ન

સતત વધતી મોંઘવારીના કારણે જમવું કે ભૂખ્યા રહેવું એ મોટો પ્રશ્ન



ગેસના ભાવમાં થયેલા વધારા અંગે ગૃહિણી અરુણાબેન વાળાએ ભારે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, ગેસ સિલિન્ડરના ભાવ ૯૧૯ રૂપિયાથી વધીને સીધા ૯૪૭ રૂપિયા થઈ ગયા છે એટલે કે તેમાં એકસાથે ૨૯ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. સતત વધતી મોંઘવારીના કારણે હવે રસોઈ બનાવીને ખાવું કે ભૂખ્યા રહેવું તે એક મોટો પ્રશ્ન બની ગયો છે. માત્ર ગેસ જ નહીં, પરંતુ શાકભાજી, દૂધ, પેટ્રોલ, ડીઝલ અને બાળકોની સ્કૂલ ફી સહિતની તમામ વસ્તુઓમાં મહિને-મહિને ભાવ વધારો થઈ રહ્યો છે, જેના કારણે ઘર ચલાવવું અત્યંત મુશ્કેલ બન્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, ઘરખર્ચ માટે મળતું બજેટ હવે બિલકુલ પૂરતું થતું નથી. જો ઘરમાં વધુ પૈસા માંગવામાં આવે તો ક્યાં વાપરો છો તે બાબતે મગજમારી થાય છે પરંતુ, રોજેરોજ વધતી મોંઘવારી સામે પૈસા વગર કંઈ શક્ય નથી. આવી પરિસ્થિતિમાં સામાન્ય માણસે જીવવું કે મરી જવું તે પણ એક સવાલ છે.

### નંબર-1 ઈરાકનું અલ-બસરાહઃ ભારતના ત્રણ શહેરો સામેલ

# હીટ એલર્ટ; અમદાવાદ બન્યું વિશ્વનું નંબર-2 જોખમી 'ગરમ' શહેર

**ટોચના 10 જોખમી શહેરો**

| ક્રમ | શહેર | દેશ | તાપમાન |
|---|---|---|---|
| 1 | અલ બસરાહ | ઈરાક | 52.1°C |
| 2 | અમદાવાદ | ભારત | 49.3°C |
| 3 | બામાકો | માલી | 48.8°C |
| 4 | નાગપુર | ભારત | 48.7°C |
| 5 | ફિબઝોન સિટી | ફિલિપાઈન્સ | 48.6°C |
| 6 | બગદાદ | ઈરાક | 48.5°C |
| 7 | મદુરાઈ | ભારત | 48.4°C |
| 8 | ફૈસલાબાદ | પાકિસ્તાન | 48.3°C |
| 9 | લાગોસ | નાઈજીરિયા | 48.2°C |
| 10 | હૈદરાબાદ | પાકિસ્તાન | 48.1°C |




**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુરુવારે "સસ્ટેનેબલ સિટીઝ એન્ડ સોસાયટીઝ" જર્નલમાં પ્રકાશિત થયેલા આ સંશોધન પત્રમાં જોખમની અસર, નબળાઈ અને કટોકટી સ્થિતિસ્થાપકતા જેવા મુખ્ય સૂચકાંકોની તપાસ કરવામાં આવી હતી. અમદાવાદ બીજા ક્રમે, નાગપુર ચોથા ક્રમે અને મદુરાઈ સાતમા ક્રમે છે. સંશોધન અને તેના તારણો અનુસાર, ભારત, પાકિસ્તાન, નાઈજીરીયા અને ઘાનામાં સૌથી વધુ જોખમી શહેરો છે.સૌથી વધુ જોખમ ધરાવતા ૯૫ ટકાથી વધુ શહેરો દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયા અને સબ-સહારન આફ્રિકામાં સ્થિત છે.મુખ્ય પ્રવાસન સ્થળો અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર કેન્દ્રો, જેમાં કૈરો (ઈજિપ્ત), બેંગકોક (થાઈલેન્ડ), હનોઈ (વિયેતનામ) અને જયપુર (ભારત) પણ ટોચના ૫૦ સ્થળોમાં સ્થાન ધરાવે છે. આબોહવા પરિવર્તનને કારણે બધી ગરમીના મોજા વધુ અને વારંવાર આવતા રહે છે.હવામાનનું સૌથી ઘાતક સ્વરૂપ, ભારે ગરમી, દર વર્ષે લગભગ અડધા મિલિયન લોકોનો ભોગ લે છે. ગરમીથી થતા મૃત્યુના ત્રીજા ભાગથી વધુ મૃત્યુ હવે આબોહવા પરિવર્તનને આભારી છે.આગામી થોડા મહિનામાં એક મજબૂત અથવા ખૂબ જ મજબૂત અલ નીનો શરૂ થવાની સંભાવના પણ છે. આનાથી વૈશ્વિક તાપમાનમાં વધુ વધારો થશે અને દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયા, દક્ષિણપૂર્વ આફ્રિકા અને મધ્ય અને દક્ષિણ અમેરિકાના ભાગોમાં ભારે ગરમી પડશે. આ અલ નીનો એવી દુનિયામાં થઈ રહ્યો છે જે આબોહવા પરિવર્તનને કારણે ઔદ્યોગિક ક્રાંતિ પહેલા કરતા લગભગ ૧.૪C વધુ ગરમ છે, અને ૨૦૨૭ ને ૧.૬C સુધી ગરમ કરી શકે છે."ખતરાના નિર્માણ માટે માત્ર વધતા તાપમાનની અસર મહત્વપૂર્ણ નથી," ઓક્સફોર્ડ સ્મિથ સ્કૂલ ઓફ એન્ટરપ્રાઈઝ એન્ડ ધ એન્વાયર્નમેન્ટના સંશોધક અને અભ્યાસના મુખ્ય લેખક નેથમી જયરત્ને કરિયાવાસમ કહે છે."અમારો અભ્યાસ બહુપરીમાણીય વૈશ્વિક ગરમી જોખમ મૂલ્યાંકનના મહત્વ પર ભાર મૂકે છે જે શહેરી ગરમીના સંપર્કમાં આવતા વિવિધ માર્ગોને પ્રકાશિત કરે છે. ઘણા મોટા શહેરોમાં ખાસ કરીને એશિયા અને આફ્રિકામાં, ભારે ગરમી ઉચ્ચ સંવેદનશીલતા અને સામનો કરવાની મર્યાદિત ક્ષમતા સાથે હોય છે. આ સંયોજન ગરમીના સંપર્કમાં નોંધપાત્ર વધારો કરી શકે છે, અને કેટલાક કિસ્સાઓમાં, ઘાતક પરિણામો પણ લાવી શકે છે," કરિયાવાસમ કહે છે.

## બીમારી અને મૃત્યુનું જોખમ વધારે છે

આ અભ્યાસમાં ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા ૨૦૫ શહેરોને ક્રમ આપવામાં આવ્યો છે અને જોખમ સૂચકાંકોના મુખ્ય સમૂહને ઓળખવામાં આવ્યો છે જે શહેરી ગરમીના સંપર્કને અસર કરતા તમામ પરિબળોના વ્યાપક હિસાબને બદલે શહેરો વચ્ચે સમાન સરખામણી કરવાની મંજૂરી આપે છે. ધ્યાનમાં લેવામાં આવતા પરિબળોમાં વસ્તી વિષયક અને સામાજિક-આર્થિક પરિસ્થિતિઓનો સમાવેશ થાય છે જે ગરમી સંબંધિત બીમારી અને મૃત્યુનું જોખમ વધારે છે, જેમ કે ઉંમર અને નાણાકીય સંસાધનો. તેમાં એર કન્ડીશનીંગ જેવા ઠંડક માળખાની ઍક્સેસ અને વૃક્ષ આવરણ જેવા કુદરતી સુરક્ષા પગલાંનો પણ સમાવેશ થાય છે.

## એર કન્ડીશનીંગ (AC) ની માગ વધી

ઓક્સફોર્ડ યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર રાધિકા ખોસલાએ, જેમણે નેથમીના સંશોધનનું સહ-નિરીક્ષણ કર્યું હતું, જણાવ્યું હતું કે, "અમારો અભ્યાસ દર્શાવે છે કે ગરમીના જોખમ માટે આયોજન કરતી વખતે ફક્ત વધતા તાપમાનની અસર જ નહીં, પરંતુ લોકોની સંવેદનશીલતા અને સામનો કરવાની ક્ષમતાને પણ સ્પષ્ટપણે ધ્યાનમાં લેવાની જરૂર છે. વિશ્વભરમાં એર કન્ડીશનીંગ (AC) ની માગ વધી રહી છે, પરંતુ ઘણા લોકો તે પરવડી શકતા નથી."

## પાઠશાળા નહીં પૈસાની દુકાન; શિક્ષણ પહોંચ બહાર



# શિક્ષણ બન્યું 'મોંઘુદાટ' બાળક દીઠ મહિને 5000નો ખર્ચ !




**સિટી ન્યૂઝ@રાજકોટ**

ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઇ રહ્યો છે. જોકે નવા સત્રની શરૂઆત સાથે જ વાલીઓ પર ખર્ચનો વધારાનો બોજ પડ્યો છે.

સ્કૂલ ફી, પુસ્તકો, ખાનગી શૈક્ષણિક સાહિત્ય, ગણવેશ, સ્કૂલ બેગ તેમજ રિક્ષા-વાનના ભાડામાં ૫થી ૨૦ ટકા સુધીનો વધારો નોંધાયો છે. જેને લઇ ગત વર્ષની તુલનાએ બાળક દીઠ સરેરાશ શિક્ષણ ખર્ચ રૂ.૧૫ હજારથી વધીને રૂ.૧૮ થી ૨૦ હજાર સુધી પહોંચ્યો છે.

પરિણામે વાલીઓને પ્રતિ વિદ્યાર્થી રૂ.૧,૫૦૦થી ૨,૦૦૦નો વધારાનો ખર્ચ સહન કરવો પડી રહ્યો છે. આ સરેરાશ અંદાજ ફી નિયંત્રણના દાયરામાં આવતી સ્વનિર્ભર શાળાઓને આધારે તૈયાર કરાયો છે. જોકે, એફઆરસી દ્વારા સગવડો પ્રમાણે વધુ ફી મંજૂરીવાળી કેટલીક શાળાઓમાં વાલીઓને ખર્ચ તેનાથી બમણો કે વધુ છે.

સામાન્ય રીતે પાઠ્યપુસ્તકો રૂ.૫૦૦થી ૮૦૦માં મળી જાય છે. પરંતુ ચિત્રપોથી, પ્રયોગપોથી, સ્વાધ્યાયપોથી, ગાઇડ અને પ્રશ્નસંગ્રહ જેવા ખાનગી સાહિત્ય પાછળ રૂ. ૧,૫૦૦ થી વધુ ખર્ચ થાય છે. પરિણામે પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સામગ્રી પાછળ વાલીઓને સરેરાશ રૂ.૧૮૦૦થી ૨૦૦૦નો ખર્ચ કરવો પડે છે.



### શાળાઓમાં 5% સુધી ફી વધી

સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં ફી સરેરાશ રૂ.૧૫ હજાર થી ૩૦ હજાર વચ્ચે છે. ફી નિયમન હેઠળ અનેક શાળાઓ એફઆરસી મંજૂરીના વર્ષમાં ૫ ટકા સુધી ફી વધારો કરતાં રૂ.૧૦૦ થી ૫૦૦ સુધી ખર્ચ વધશે. એફઆરસી દ્વારા મંજૂર કરાયેલી કેટલીક શાળાઓમાં ફી રૂ.૨૦ હજારથી ૧ લાખ સુધી છે. શબરી સ્કૂલના સૂત્રો મુજબ તેમની શાળામાં ૫ ટકાના વધારા મુજબ સરેરાશ રૂ.૧૦૦થી ૧૫૦ જેટલી ફી વધશે.




### ઈંધણના ભાવ વધતાં સ્કૂલ રિક્ષા-વાનના ભાડામાં રૂ.200નો વધારો

પેટ્રોલ, સીએનજી, સ્પેરપાર્ટ્સ સહિતના ભાવ વધતાં વાહન જાળવણી ખર્ચ વધ્યો છે. પરિણામે નવા સત્રથી સ્કૂલ રિક્ષા અને વાનના માસિક ભાડામાં સરેરાશ રૂ.૨૦૦નો વધારો કરવામાં આવ્યો છે. અગાઉ રૂ.૮૦૦ માસિક ભાડું ચૂકવતા વાલીઓને હવે રૂ. ૧૦૦૦ અને રૂ.૧૨૦૦ ચૂકવતા વાલીઓને રૂ.૧૪૦૦ સુધી ભાડું ચૂકવવું પડી શકે છે.



### સ્કૂલ ગણવેશ 10 થી 15 ટકા મોંઘા

કાપડ, કાચો માલ અને મજૂરી ખર્ચમાં વધારો થવાને કારણે સ્કૂલ ગણવેશના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો થયો છે. ગયા વર્ષે એક જોડી ગણવેશનો ભાવ રૂ.૫૫૦ હતો, જે હવે વધીને રૂ.૬૫૦ થી ૭૦૦ સુધી પહોંચ્યો છે.



### સ્કૂલબેગના ભાવ 50 થી 100 વધ્યા

વધતા ઉત્પાદન અને મજૂરી ખર્ચના કારણે સ્કૂલ બેગના ભાવમાં ૧૦ થી ૧૨ ટકા વધારો થયો છે. બજારમાં સ્કૂલબેગ રૂ.૩૫૦ થી રૂ.૧૨૦૦ની રેન્જમાં ઉપલબ્ધ છે. જોકે, ગયા વર્ષની સરખામણીએ દરેક બેગ પર રૂ.૫૦ થી ૧૦૦ જેટલો વધારો છે.

## આજે વેકેશન ખુલ્યું

### સ્કૂલ ચલે હમ......



રાજ્યમાં લાંબુ ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં જ આજ(આઠમી જૂન)થી અમદાવાદ સહિત રાજ્યની તમામ શાળાઓના દ્વાર ખુલી ગયા છે. છેલ્લા ૩૫ દિવસથી શાંત પડેલા શાળાના કેમ્પસ સોમવારે વહેલી સવારથી જ વિદ્યાર્થીઓના હસતાં ચહેરાઓ અને કિલ્લોલથી ગુંજી ઉઠ્યા હતા. રાજ્યની અંદાજે ૫૪૦૦૦ જેટલી શાળાઓમાં આજથી નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭નો ઉત્સાહભેર પ્રારંભ થઈ ચૂક્યો છે.

નવા શૈક્ષણિક સત્રના પહેલા જ દિવસે શાળાએ પહોંચેલા અંદાજે ૧.૧૫ કરોડ બાળકોનું વિવિધ શાળાઓમાં પરંપરાગત અને ભારે ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના પ્રવેશદ્વાર પર જ શિક્ષકોએ તિલક કરીને અને પુષ્પ આપીને વિદ્યાર્થીઓને સ્નેહપૂર્વક આવકાર્યા હતા. લાંબા વેકેશન બાદ પોતાના મિત્રો અને શિક્ષકોને ફરી મળવાનો અનોખો આનંદ બાળકોના ચહેરા પર સ્પષ્ટપણે જોવા મળતો હતો. સામાન્ય રીતે વેકેશન ખુલતાની સાથે જ શરૂઆતના દિવસોમાં બાળકો રડતાં-રડતાં શાળાએ જતાં જોવા મળતા હોય છે, પરંતુ આ વર્ષે ચિત્ર કંઈક અલગ જ જોવા મળ્યું હતું. મોટાભાગના વિદ્યાર્થીઓ રડવાના બદલે હસતા હસતા અને ભારે ઉત્સાહ સાથે શાળાના પ્રાંગણમાં પ્રવેશતા નજરે પડ્યા હતા. નવા સત્રના પહેલા દિવસથી જ શાળાઓમાં શૈક્ષણિક કાર્યનો વિધિવત પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. પુસ્તકોના ભાર અને અભ્યાસના નવા લક્ષ્યાંકો સાથે શૈક્ષણિક આલમમાં ફરી એકવાર ગતિશીલતા અને જીવંતતા આવી ગઈ છે.

## વચનો ઘણાં, કામ શૂન્યઃ મુંજકાના લોકોમાં તંત્ર સામે રોષ

# રાજકોટ ભાજપે બનાવ્યું ‘સ્માર્ટ સિટી’

# ‘સપના’માં !




## વોર્ડ નં.9 મુંજકામાં PM આવાસમાં પાણી અને રસ્તાની સમસ્યા 5 વર્ષથી જૈસે થૈ !

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં સ્માર્ટ સિટીના મોટા દાવાઓ વચ્ચે મુંજકા વોર્ડ નં. ૯નો એક વિસ્તાર હકીકતમાં વિકાસથી હજુ પણ દૂર છે. અહીં આવેલા PM આવાસ વિસ્તારમાં રહેતા પરિવારો છેલ્લા પાંચ વર્ષથી પીવાના પાણી, પાકા રસ્તા અને અન્ય મૂળભૂત નાગરિક સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છે.આ વિસ્તારમાં રહેતા લોકોના જણાવ્યા અનુસાર, વરસાદી સિઝનમાં કાદવથી ભરાયેલા રસ્તાઓના કારણે અવરજવર મુશ્કેલ બની જાય છે, જ્યારે પીવાના પાણીની અછતને કારણે રોજિંદું જીવન મુશ્કેલ બની ગયું છે. “આવાસ તો મળ્યો, પરંતુ જીવન જીવવા જરૂરી સુવિધાઓ હજુ પણ સપના સમાન છે,” એમ સ્થાનિક રહેવાસીઓએ વ્યથા વ્યક્ત કરી.સ્થાનિકો દ્વારા અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆતો અને લેખિત ફરિયાદો કરવામાં આવી હોવા છતાં કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. લોકોનો આક્ષેપ છે કે ચૂંટણી સમયે વિકાસના મોટા મોટા વચનો આપવામાં આવે છે, પરંતુ વર્ષો વીતી ગયા છતાં પાણી અને રસ્તાની સમસ્યાનો ઉકેલ આવ્યો નથી.સ્માર્ટ સિટીના નામે કરોડો રૂપિયાના ખર્ચાના દાવાઓ વચ્ચે મુંજકાના આ વિસ્તારની અવગણના થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકો હવે તંત્ર પાસે તાત્કાલિક પગલાંની માંગ કરી રહ્યા છે અને ચેતવણી આપી છે કે જો સમસ્યાનો ઉકેલ નહીં આવે તો તેઓ આંદોલનનો માર્ગ અપનાવશે. મુંજકા વિસ્તારની આ સ્થિતિ શહેરના વિકાસના દાવાઓ પર સવાલ ઊભા કરે છે અને તંત્ર માટે પણ એક ચિંતાજનક સંકેત છે.

## Fssai નો કડક હૂકમ : શહેરમાં હજુ સમોસા ગાંઠિયા અખબારમાં જ પિરસાય છે

# અખબારમાં ફૂડ જોખમકારક ?

## રાજકોટ આરોગ્ય શાખા અજાણ હતી ?

## રાજકોટમાં આ નિયમો લાગુ ?






**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારતમાં સમોસા, પકોડા અને જલેબી વેચનારાઓ માટે મોટો ફેરફાર થયો છે. ખાવાની વસ્તુઓને અખબારમાં લપેટીને આપવા બદલ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.મુંબઈમાં એક વડાપાઉં વિક્રેતા ગ્રાહકોને અખબારમાં ખાવાનું પેક કરીને આપી રહ્યો હતો. આ પછી FSSAI અને BMC એ સંયુક્ત કાર્યવાહી કરી હતી. ત્યારબાદ દેશભર માટે કડક નિર્દેશો જારી કરવામાં આવ્યા છે. આ નિયમ હોટલ, ક્લાઉડ કિચન સહિત તમામ ખાદ્ય કારોબારીઓ પર લાગુ થશે.

**આ નિયમ હોટલ, ક્લાઉડ કિચન સહિત તમામ ખાદ્ય કારોબારીઓ પર લાગુ થશે.**

### શું-શું પ્રતિબંધિત છે ?

- અખબારમાં ખાવાનું લપેટવું
- ઢાંકવા માટે અખબારનો ઉપયોગ કરવો
- સમોસા-પકોડાનું વધારાનું તેલ શોષવા માટે અખબાર પાથરવું



નિષ્ણાતોના મતે અખબારની શાહીમાં ઘણા રસાયણો અને ભારે ધાતુઓ, જેમ કે સીસું (Lead), હાજર હોઈ શકે છે.

### શું થઈ શકે છે નુકસાન ?

અખબાર ઘણી જગ્યાઓ પરથી પસાર થાય છે, તેથી તેના પર **બેક્ટેરિયા** અને અન્ય **કીટાણુઓ** પણ હોઈ શકે છે. આવા સંજોગોમાં અખબારમાં રાખેલું ખાવાનું સ્વાસ્થ્ય માટે જોખમ પેદા કરી શકે છે.



# ફિલિપાઈન્સમાં 7.8 તીવ્રતાનો ભૂકંપ 15ના મોત

## 4.5 ફૂટથી વધુ ઊંચા મોજા ઉછળ્યા, 2 કલાકમાં 138 જેટલા આંચકા આવ્યા

**સિટી ન્યૂઝ@ફિલિપાઈન્સ**

ફિલિપાઈન્સમાં સોમવારે સવારે ૭.૮ તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો, જેના કારણે અનેક ઈમારતોને નુકસાન થયું છે. અસરગ્રસ્ત ઈમારતોમાં મોટાભાગે દુકાનો, ઓફિસો અને વ્યાપારી ઈમારતોનો સમાવેશ થાય છે. પોલીસે અત્યાર સુધીમાં ૧૫ લોકોના મૃતદેહ મળ્યાની પુષ્ટિ કરી છે.અમેરિકી ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ (USGS) અનુસાર, ભૂકંપ ભારતીય સમય અનુસાર સવારે ૫:૦૭ વાગ્યે આવ્યો. તેનું કેન્દ્ર મિન્ડાનાઓ ટાપુ નજીક જમીનથી લગભગ ૩૫ કિલોમીટર નીચે સ્થિત હતું.ફિલિપાઈન્સના જ્વાળામુખી અને ભૂકંપ વિજ્ઞાન સંસ્થાએ જણાવ્યું કે સ્થાનિક સમય અનુસાર સવારે ૧૧ વાગ્યા સુધીમાં ૧૩૮ આફ્ટરશોક નોંધાયા હતા. આ આંચકાઓની તીવ્રતા ૧.૩ થી ૬.૭ ની વચ્ચે રહી.ભૂકંપ પછી મિન્ડાનાઓ ટાપુના છ વિસ્તારોમાં સુનામીના મોજા પણ નોંધાયા હતા. સૌથી ઊંચા મોજાની ઊંચાઈ ૧.૪ મીટર (લગભગ ૪.૬ ફૂટ) રહી.



અનેક ઈમારતો જમીનદોસ્ત

# ઈરાન - ઈઝરાયલમાં બે મહિના પછી ફરી યુદ્ધ શરૂ

## ઈરાને તેલ અવીવ પર મિસાઈલો છોડી, ઈઝરાયલે તેહરાન–તબરીઝને ટાર્ગેટ કર્યા; ભારતે નાગરિકોને ઈરાન છોડવા કહ્યું

**સિટી ન્યૂઝ@ફિલિપાઈન્સ**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે એપ્રિલમાં થયેલા યુદ્ધવિરામના ૨ મહિના પછી ફરીથી યુદ્ધ શરૂ થઈ ગયું છે. ઈરાને રવિવારે રાત્રે ઈઝરાયલ પર બેલેસ્ટિક મિસાઈલો છોડી.ઈરાનની રેવોલ્યુશનરી ગાર્ડ (IRGC)એ જણાવ્યું કે આ કાર્યવાહી લેબનોનમાં હિઝબુલ્લાહ પર ઈઝરાયલી હુમલાઓના જવાબમાં કરવામાં આવી છે. હુમલાઓ પછી ઈઝરાયલના ઘણા ભાગોમાં સાયરન વાગ્યા અને લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા.તેના જવાબમાં, થોડા કલાકો પછી ઈઝરાયલે ઈરાનમાં વળતો હુમલો શરૂ કર્યો. ઈઝરાયલી સેનાએ કહ્યું કે તેણે પશ્ચિમી અને મધ્ય ઈરાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે.ઈરાની સમાચાર એજન્સી IRNA અનુસાર, તેહરાન, તબરીઝ અને ઈસ્ફહાનમાં ઘણા વિસ્ફોટો થયા. IRGC એ દાવો કર્યો કે ઈઝરાયલે હુમલાઓમાં એર-લોન્ચ બેલેસ્ટિક મિસાઈલોનો ઉપયોગ કર્યો.હુમલાઓ બાદ ઈરાને રાજધાની તેહરાનના ઈમામ ખોમેની આંતરરાષ્ટ્રીય એરપોર્ટની આસપાસનો એરસ્પેસ બંધ કરી દીધો. ઈરાકે ૭૨ કલાક અને સીરિયાએ ૧૨ કલાક માટે




પોતાનો હવાઈ ક્ષેત્ર બંધ કરવાનો નિર્ણય લીધો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને તાત્કાલિક મોટા જવાબી હુમલાથી બચવા કહ્યું હતું. જોકે, આ છતાં ઈઝરાયલે ઈરાનમાં સૈન્ય કાર્યવાહી કરી. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે આ તાજો સંઘર્ષ એવા સમયે થયો છે જ્યારે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામને લઈને પહેલેથી જ તણાવ હતો. ઈરાને વર્તમાન યુદ્ધવિરામ ભંગ માટે સીધા અમેરિકાને જવાબદાર ઠેરવ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું કે પ્રદેશમાં ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીને અમેરિકી નીતિઓથી અલગ જોઈ શકાય નહીં.

# રન-વે પર અગન ગોળો બન્યું પ્રાઈવેટ જેટઃ પાયલટનું મોત

## લેન્ડિંગ દરમિયાન જમીન પર ઉછળ્યું








**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

કેરેબિયન દેશ ડોમિનિકન રિપબ્લિકના લા રોમાના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક પ્રાઈવેટ જેટ ક્રેશ થયું. ઈમરજન્સી લેન્ડિંગના પ્રયાસ દરમિયાન વિમાન રનવે પર ઉછળ્યું અને જોતજોતામાં આગના મોટા ગોળામાં ફેરવાઈ ગયું. આ દુર્ઘટનામાં પાયલટ અને કો-પાયલટનું મૃત્યુ થયું.ડોમિનિકન રિપબ્લિકના લા રોમાના આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે એક ખાનગી વિમાન ક્રેશ થયું. આ બિઝનેસ જેટ રવિવારે ઈમરજન્સી લેન્ડિંગ દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થયું. દુર્ઘટના બાદ વિમાનમાં આગ લાગી ગઈ. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે એરસ્ટ્રીપ સાથે અથડાયા બાદ વિમાન આગના મોટા ગોળામાં ફેરવાઈ ગયું. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ક્રૂના બંને સભ્યોના મોત થયા. પ્રત્યક્ષદર્શીઓએ સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો શેર કર્યા છે. આ તસવીરો અને વીડિયોમાં વિમાનને ઈમરજન્સી લેન્ડિંગનો પ્રયાસ કરતું જોઈ શકાય છે. અકસ્માત પહેલાં વિમાન ખૂબ જ ઝડપથી રનવે પર ઘસડાતું જોવા મળ્યું હતું.

**સાસણગીરમાં બોલિવૂડ સ્ટાર્સ ઉમટ્યા**

# ગુજરાતની ગાયીકા સાંત્વની ત્રિવેદીને મળ્યો ઈન્ટરનેશનલ ક્રિએટર એવોર્ડ






**આયુષ્માન ખૂરાના, રકુલ પ્રીત, વામિકા ગબ્બી સહિતના સ્ટાર્સે રેડ કાર્પેટ પર વોક કર્યું**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતી સંગીત જગત અને કલાપ્રેમીઓ માટે વધુ એક ગર્વ લેવા જેવા સમાચાર સામે આવ્યા છે. પોતાની આગવી ગાયકી અને મધુર અવાજથી લાખો દિલો પર રાજ કરનારી ગુજરાતની લોકપ્રિય સિંગર અને પર્ફોર્મર સાંત્વની ત્રિવેદીને એક આંતરરાષ્ટ્રીય સ્તરના મંચ પર મોટી સિદ્ધિ હાંસલ થઈ છે. સાસણ ગીરના મનોહર વાતાવરણમાં યોજાયેલા પ્રતિષ્ઠિત 'ઈન્ટરનેશનલ ક્રિએટર એવોર્ડ્સ ૨૦૨૬' દરમિયાન સાંત્વની ત્રિવેદીને તેમની અપ્રતિમ કલા અને સંગીત ક્ષેત્રે આપેલા વિશિષ્ટ યોગદાન બદલ આ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા છે. કાર્યક્રમમાં બોલિવૂડના વર્સેટાઈલ એક્ટર આયુષ્માન ખુરાના, ગ્લેમરસ ગર્લ રકુલ પ્રીત સિંઘ અને પ્રતિભાશાળી અભિનેત્રી વામિકા ગબ્બી સહિતના મોટા સ્ટાર્સે રેડ કાર્પેટ પર વોક કર્યું હતું. આ પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવ્યા બાદ મીડિયા સાથે વાત કરતા સિંગર સાંત્વની ત્રિવેદી ખૂબ જ ઉત્સાહિત અને ભાવોદ્વેગમાં જોવા મળ્યા હતા.



# પેદ્દીમાં જાહ્નવીના સીન બદલાશે

**સિટી ન્યૂઝ@મુંબઈ**

રામ ચરણ અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'પેદ્દી'માં જાહ્નવીના પાત્રને લઈને ઊભા થયેલા વિવાદ બાદ ફિલ્મના ડિરેક્ટર બુચી બાબુ સનાએ જાહેરમાં માફી માગી છે. ફિલ્મમાં જાહ્નવીના પાત્રની રજૂઆતને લઈને દર્શકો તરફથી ભારે વિરોધ જોવા મળ્યો હતો. અનેક લોકોએ આરોપ લગાવ્યો હતો કે ફિલ્મમાં તેના પાત્રને કારણ વગર સેક્સ્યુઅલ ઓવરટોન આપવામાં આવ્યો છે અને એ યોગ્ય સન્માન સાથે રજૂ કરવામાં આવ્યું નથી. ફિલ્મ રિલીઝ થયા પછી સોશ્યલ મીડિયા પર અનેક દર્શકોએ જાહ્નવીના પાત્ર વિશે નારાજગી વ્યક્ત કરી હતી. કેટલાંક દશ્યોમાં કેમેરા એંગલ્સ, રોમેન્ટિક દશ્યો અને પાત્રની રજૂઆતને લઈને ટીકા થઈ હતી. દર્શકોનું કહેવું હતું કે પાત્રને મજબૂત અને સ્વતંત્ર બતાવવાને બદલે તેને માત્ર ગ્લેમરસ રીતે રજૂ કરવામાં આવ્યું છે. ફિલ્મના ડિરેક્ટર બુચી બાબુ સનાએ સોશ્યલ મીડિયા પર એક લાંબું નિવેદન જાહેર કરતાં કહ્યું હતું કે 'સિનેમાનું કામ લોકોનું મનોરંજન કરવાનું, તેમને પ્રેરણા આપવાનું અને તેમની સાથે જોડાવાનું છે. કોઈ પણ દર્શકને અસ્વસ્થ કે અપમાનિત અનુભવ કરાવવો મારો ઉદ્દેશ્ય ક્યારેય નહોતો. ફિલ્મનાં કેટલાંક દશ્યોને લઈને મળેલા પ્રતિસાદને મારી ટીમે ખૂબ ગંભીરતાથી લીધો છે.

**રિયા ચઢ્ઢાને કહ્યું હું તમારી સાથે છું**

# કોકરોચ જનતા પાર્ટીને બોલિવૂડનું સમર્થન

## અતુલ કૂલકર્ણીએ માફી માંગતા કહ્યું અમારી પેઢીથી ભૂલો થઈ છે

**સિટી ન્યૂઝ@મુંબઈ**



પેપર લીક અને પરીક્ષાઓમાં ગેરરીતિ સામે દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીનો શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન ૬ જૂનથી શરૂ થઈ ગયો છે. CJPના સ્થાપક અભિજીત દીપકેની અપીલ પર મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ આંદોલનમાં જોડાયા છે.

આ પ્રદર્શનને બોલિવૂડ તરફથી પણ સમર્થન મળ્યું છે. એક્ટર અતુલ કુલકર્ણીએ યુવાનો પાસેથી પોતાની પેઢીની ભૂલો માટે માફી માંગી છે, જ્યારે રિયા ચઢ્ઢા, કુનિકા સદાનંદ, પ્રકાશ રાજ અને સોનમ વાંગચુકે પણ વિદ્યાર્થીઓની આ ઝુંબેશને સમર્થન આપ્યું છે.

બોલિવૂડ એક્ટ્રેસ રિયા ચઢ્ઢાએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી પોસ્ટ કરીને કોકરોચ જનતા પાર્ટીને ખુલ્લેઆમ સમર્થન આપ્યું છે. એક્ટ્રેસે X (અગાઉ ટ્વિટર) પર લખ્યું, 'હું અત્યારે સુંદર ઓકલેન્ડમાં છું, જ્યાં કદાચ દુનિયાની સૌથી સ્વચ્છ હવા છે. અતુલ કુલકર્ણીએ યુવાનોની માફી માંગી 'રઈસ' ફિલ્મ ફેમ અતુલ કુલકર્ણીએ પણ સોશિયલ મીડિયા દ્વારા યુવાનોના આ પ્રદર્શનને સમર્થન આપ્યું હતું. તેમણે યુવાનોની માફી માંગતા લખ્યું કે, 'અમારી પેઢી અને તેના પહેલાના લોકોએ પોતાની જવાબદારીઓ યોગ્ય રીતે નિભાવી નથી.



### અફઘાનિસ્તાનને એક ઈનિંગ્સ અને 300 રનથી હરાવ્યું

# ભારતની ટેસ્ટ ક્રિકેટમાં સૌથી મોટી જીત...

## ડેબ્યૂટન્ટ માનવ સુથારે મેચમાં 7 વિકેટ ઝડપી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતે ન્યૂ ચંદીગઢમાં રમાયેલી ટેસ્ટ મેચમાં અફઘાનિસ્તાનને ઈનિંગ્સ અને 300 રનથી હરાવ્યું છે. ટેસ્ટ ક્રિકેટમાં ઈન્ડિયન ટીમની આ અત્યાર સુધીની સૌથી મોટી જીત છે. ભારતની આ પહેલાની સૌથી મોટી જીત ઈનિંગ્સ અને ૨૭૨ રનના અંતરથી હતી, જે ૨૦૧૮માં વેસ્ટ ઈન્ડીઝ વિરુદ્ધ રાજકોટમાં મળી હતી. મેચના ત્રીજા દિવસે અફઘાનિસ્તાનની ટીમ બીજી ઈનિંગ્સમાં ૧૧૨ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. આ પહેલા ભારતે પોતાની પહેલી ઈનિંગ્સ ૫૬૪/૮ના સ્કોર પર ડિક્લેર કરી દીધી હતી. જેના જવાબમાં અફઘાનિસ્તાનની પહેલી ઈનિંગ્સ ૧૫૨ રન પર સમેટાઈ ગઈ હતી અને તેમણે ફોલોઓન રમવું પડ્યું હતું. અફઘાનિસ્તાનની બીજી ઈનિંગ્સમાં વોશિંગ્ટન સુંદરે ૪ અને કુલદીપ યાદવે ૩ વિકેટ લીધી. ડેબ્યૂ મેચ રમી રહેલા માનવ સુથાર અને મોહમ્મદ સિરાજે ૧-૧ વિકેટ મેળવી. સુથારે અફઘાનિસ્તાનની પહેલી ઈનિંગ્સમાં ૬ વિકેટ લીધી હતી. આ રીતે તેણે મેચમાં કુલ ૭ વિકેટ ઝડપી.




## ભારતની 186મી ટેસ્ટ જીત, વેસ્ટ ઈન્ડીઝને પાછળ છોડ્યું

ઈન્ડિયન ટીમે ટેસ્ટ ક્રિકેટમાં ૫૯૯ મેચમાં ૧૮૬મી જીત મેળવી છે. ભારતે સૌથી વધુ ટેસ્ટ મેચ જીતવાના મામલામાં વેસ્ટ ઈન્ડીઝને પાછળ છોડી દીધું છે. વેસ્ટ ઈન્ડીઝના નામે ૫૯૨ મેચમાં ૧૮૫ જીત છે. ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકા ભારતથી આગળ છે. ઓસ્ટ્રેલિયાએ ૮૮૨ મેચમાં ૪૨૬ મેચ જીતી છે. ઈંગ્લેન્ડે ૧૦૯૫ મેચમાંથી ૪૦૫માં જીત મેળવી છે. જ્યારે સાઉથ આફ્રિકાએ ૪૭૯ ટેસ્ટમાંથી ૧૯૧ મેચ જીતી છે.

## સિરાજે પહેલી સફળતા અપાવી, મલિક LBW આઉટ

### દિલ્હીમાં ઈન્ડિયા બ્લોકની બેઠક

# કોંગ્રેસે કહ્યું શિક્ષણ મંત્રી રાજીનામું આપે

## SIRમાં કરોડો મતદારોના નામો કાઢી નાંખવામાં આવ્યા: INDIA બ્લોક CJIને પત્ર લખશે




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે I.N.D.I.A. બ્લોકની બેઠક મળી હતી. કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સપા પ્રમુખ અખિલેશ યાદવ, ટીએમસી પ્રમુખ મમતા બેનર્જી, સાંસદ અભિષેક બેનર્જી, આરજેડી નેતા તેજસ્વી યાદવ અને જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સહિત અન્ય નેતાઓ બેઠકમા હાજર રહ્યા હતા. ઉદ્ધવ ઠાકરે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠકમાં જોડાયા હતા.બે કલાકથી વધુ ચાલેલી બેઠક પછી બપોરે ૩ વાગ્યે INDIA બ્લોક સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં ખડગેએ કહ્યું- બેઠકમાં પાંચ મુદ્દાઓ પર સર્વસંમતિ સધાઈ છે. NEET દ્વારા દેશના યુવાનો સાથે દગો કરવામાં આવ્યો છે. NEET અને CBSE મુદ્દાઓ પર શિક્ષણ મંત્રીના તાત્કાલિક રાજીનામાની માંગ કરવામાં આવી છે. ખડગેએ વધુમાં કહ્યું કે પાર્ટી મોંઘવારી, બેરોજગારી અને અર્થતંત્ર મામલે દર બે મહિને બેઠકો કરશે. ઈન્ડિયા બ્લોક સીજેઆઈને SIR અને ચૂંટણીની નિષ્પક્ષતા અંગે પણ પત્ર લખશે. આગામી બેઠક ૮ ઓગસ્ટે હૈદરાબાદમાં યોજાશે. વિપક્ષ ચોમાસા સત્ર દરમિયાન પણ બેઠકો કરશે.

# કોકરોચ જનતા પાર્ટી દેશભરમાં પ્રદર્શન કરશે

## 13 જૂન સુધીમાં શિક્ષણમંત્રી રાજીનામું આપે તેવી માંગ કરાઈ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકે દેશભરમાં પ્રદર્શનની જાહેરાત કરી છે. તેમણે રવિવારે રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો સંદેશ જારી કરીને કહ્યું- જો ૧૩ જૂન સુધીમાં શિક્ષણ મંત્રી રાજીનામું નહીં આપે તો હું પોતે અલગ-અલગ રાજ્યો અને શહેરોમાં પ્રદર્શન કરવા જઈશ.તેમણે કહ્યું કે જો આ પછી પણ શિક્ષણ મંત્રીએ રાજીનામું નહીં આપ્યું તો દેશભરના વિદ્યાર્થીઓ ફરીથી દિલ્હી જશે અને શાંતિપૂર્ણ આંદોલન કરશે. CJP એ ૬ જૂને જંતર-મંતર પર પણ પ્રદર્શન કર્યું હતું અને પરીક્ષાઓમાં ગેરરીતિઓને લઈને શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ કરી હતી. અભિજીત ૬ જૂને પ્રદર્શન માટે અમેરિકાથી ભારત આવ્યા છે. તેઓ રવિવારે સવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર સ્થિત પોતાના ઘરે પહોંચ્યા. તેમણે સાંજે એક પ્રેસ કોન્ફરન્સ કરી અને કહ્યું- છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં દેશની રાજનીતિ હિંદુ-મુસ્લિમ મુદ્દાઓ પર કેન્દ્રિત રહી છે. આનાથી રોજગાર નહીં મળે.

# સબંધોની સરહદ તૂટી

### હળહળતો કળિયૂગ

## જમાઈએ સાસુ સાથે લગ્ન કર્યા

### કોર્ટમાં લગ્ન કરી લીધા આશીર્વાદ આપવા સૌને અપીલ કરી હતી



**સિટી ન્યૂઝ@ઉત્તરપ્રદેશ**

ઉત્તર પ્રદેશના કાનપુરના ગ્રામ્યમાંથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેણે સંબંધોની પરંપરાગત વ્યાખ્યાઓ પર એક નવી ચર્ચા જગાવી દીધી છે. અહીં એક મહિલાએ પોતાના જ જમાઈને જીવનસાથી તરીકે પસંદ કરી લીધો છે અને બંનેએ કોર્ટ મેરેજ કરી લીધા છે. લગ્ન બાદ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે, જેમાં બંને લોકો પાસે પોતાના આ અનોખા સંબંધને સ્વીકારવા અને આશીર્વાદ આપવાની અપીલ કરી રહ્યા છે.સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કાનપુર દેહાતના અકબરપુર વિસ્તારમાં બનેલી આ ઘટનાની ચર્ચા હાલ સોશિયલ મીડિયાથી લઈને સ્થાનિક સ્તર પર ભારે જોરશોરથી થઈ રહી છે. મળતી માહિતી મુજબ, સાસુ અને જમાઈએ પરસ્પર સહમતીથી આ લગ્ન કર્યા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. લગ્ન બાદ સામે આવેલા વીડિયોમાં બંને પોતાના આ નિર્ણયને યોગ્ય ગણાવી રહ્યા છે. વીડિયોમાં બંને ખૂબ જ સહજ દેખાઈ રહ્યા છે અને પોતાના નિર્ણય પર મક્કમ છે. જોકે, આ વાયરલ વીડિયોની હજુ સુધી કોઈ સ્વતંત્ર કે સત્તાવાર પુષ્ટિ થઈ શકી નથી.લાંબા સમયથી સંપર્કમાં હોવાની ચર્ચાસ્થાનિક લોકોમાં ચાલતી ચર્ચા મુજબ, આ મહિલા અને તેના જમાઈ વચ્ચે લાંબા સમયથી નજીકના સંબંધો હતા.

આ ઘટના સામે આવ્યા બાદ પરિવાર અને આસપાસના લોકો પણ ચોંકી ગયા છે. પરંપરાગત સામાજિક માન્યતાઓ અને મૂલ્યોને કારણે આ સંબંધને લઈને સમાજમાં મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. કેટલાક લોકો તેને બંનેની અંગત પસંદગી ગણાવી રહ્યા છે, જ્યારે મોટાભાગના લોકો આ સંબંધ સામે ગંભીર સવાલો ઉઠાવી રહ્યા છે.

તંત્ર પાસે સત્તાવાર માહિતી નથીઆ લગ્ન ક્યારે અને ક્યાં રજિસ્ટર થયા તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર દસ્તાવેજો કે વિગતો જાહેર થઈ નથી.



### ગુજરાતના વિરમગામની ઘટના

## ઘરકંકાસમાં પતિની પત્ની અને પુત્રએ હત્યા કરી નાખી

### સીડી ઉપરથી ઘા કરી બનાવને અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ

**સિટી ન્યૂઝ@વિરમગામ**

વિરમગામમાં નવા વિકાસ પામી રહેલા વિસ્તાર માં વ્રજ વિહાર સોસાયટીમાં ખરીદેલ સોળ નંબરના મકાનમાં પત્ની દિવ્યા અને બે યુવાન પુત્રો ધ્રુવ અને ઉદય સાથે રહેતા અક્ષર જવેલર્સ નામે સોની વ્યવસાય કરતા દીપકભાઈ જયંતિલાલ સોની (રાધનપુરા) નું શનિવારે બપોરે અવસાન થયાનો બનાવ ઘટયો હતો.દીપકભાઈને માથામાં ઈજા હતી.જેઓ ઘરમાં સીડી પરથી પડી જવાથી મૃત્યુ થયાનું પત્ની દિવ્યાબેન અને નાનો પુત્ર ઉદયે જાહેર કર્યું હતુ.

દીપકભાઈને ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા.પરંતુ મૃત્યુ નિપજયુ હોવાથી હોસ્પિટલ તરફથી ઘરે લઈ જવા જણાવી દેવાયુ હતુ.બીજી તરફ્ ફ્ટાફ્ટ તેમની અંતિમક્રિયા માટે તૈયારીઓ શરૂ કરાવી દેવાઈ હતી.સગા સંબંધીઓને જાણ થતા દીપકભાઈના બનેવી,બે ભણા રાજનભાઈ, રવિભાઈ અમદાવાદથી સાંજે આવી પોહચ્યા હતા.જેમને શક પડયો હતોને પોલીસને જાણ કરાઇ હતી.પોલીસે પોહચીને લાશ પીએમ માટે વિરમગામ સરકારી હોસ્પિટલ ખસેડી હતી. પરંતુ નિષ્ણાંત ડોકટરો એફ્એસએલ તપાસ જરૂરી હોવાથી લાશ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.બનાવ સમયે ઘરમાં પત્ની દિવ્યા અને નાનો પુત્ર ઉદય હાજર હોવાથી પોલીસે તેમની પુછ પરછ કરી અને ઘર કંકાશમા દીપકભાઈનુ ઠંડા કલેજે ઘર માંજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી ઢીમ ઢાળી દીધાનો શક પર પોલીસે પત્ની દિવ્યા અને પુત્ર ઉદયની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી હોવાનુ જાણવા મળ્યુ છે.

# ગુજરાતના ખેડૂતો સામે અન્યાય

### કોંગ્રેસ નેતા પાલ આંબલિયાનું આહવાન

## 15મીએ અમદાવાદથી ગાંધીનગર સુધી રેલી

### વીજપોલ વળતર મુદ્દે ખેડૂતોમાં રોષ



**સરકાર પાસે શું માંગણી : જંત્રી દરના ચાર ગણા વળતર, અથવા પ્રતિ વીજપોલ દર મહિને 30,000 ભાડું અથવા વન-ટાઈમ સેટલમેન્ટ તરીકે પ્રતિ વીજપોલ 2 કરોડ**

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના જેતપર ગામે વીજપોલના વળતર મુદ્દે ૭ જૂનની રાત્રે ખેડૂતોની જાહેર સભા યોજાઈ હતી. ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિ અને ગુજરાત કિસાન કોંગ્રેસની આગેવાની હેઠળ આ સભામાં ખેડૂતોએ ખાનગી કંપનીઓ દ્વારા અપૂરતા વળતર સામે વિરોધ નોંધાવ્યો હતો.

ખેડૂતોનો મુખ્ય વિરોધ એ છે કે, ખાનગી કંપનીઓ તેમના ખેતરોમાંથી વીજ લાઈનો પસાર કરી રહી છે અને વીજપોલ ઉભા કરી રહી છે. પરંતુ, તેમને પૂરતું વળતર ચૂકવવામાં આવતું નથી. વળતર ચૂકવ્યા વગર કામગીરી થતી હોવાથી ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

બે દિવસ અગાઉ જેતપર ગામે કંપનીના માણસો વળતર વિના વીજપોલ ઉભા કરવા આવ્યા ત્યારે, ખેડૂતોએ તેમને કામ કરવા દીધું ન હતું. જેના કારણે પોલીસ સાથે ઘર્ષણ પણ થયું હતું.

સભામાં જેતપરના ખેડૂત આગેવાન મેહુલ અમૃતિયાએ માગ કરી હતી કે, વીજપોલ અને વીજ વાયર પસાર થતાં કોરિડોર માટે પહેલાં વળતર ચૂકવવામાં



આવે અને પછી જ કામ શરૂ કરવામાં આવે. તેમણે ૧૮૦-૨૮૦ અસરગ્રસ્ત ખેડૂતને પૂરતા પ્રમાણમાં વળતર આપવાની પણ માગ કરી હતી.

ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના કન્વીનર પાલ આંબલિયાએ જણાવ્યું હતું કે, સરકાર સમક્ષ ત્રણ મુખ્ય માંગણી મૂકવામાં આવશે. જંત્રી દરના ચાર ગણા વળતર, અથવા પ્રતિ વીજપોલ દર મહિને ૩૦,૦૦૦ ભાડું, અથવા વન-ટાઇમ સેટલમેન્ટ તરીકે પ્રતિ વીજપોલ ૨ કરોડ.

આગામી ૧૫મી તારીખે ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિ દ્વારા અમદાવાદથી ગાંધીનગર સુધી એક ટ્રેક્ટર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. પાલભાઈ આંબલિયાએ જેતપર સહિત સમગ્ર મોરબી જિલ્લાના ખેડૂતોને આ રેલીમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી હતી.



### આપના ગોપાલ ઈટાલિયાનો આરોપ

## સુરેન્દ્રનગરના કોંઢ ગામે ખેતરોમાં અદાણીના વીજ ટ્રાન્સમિશન સામે ખેડૂતોમાં રોષ

**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**

કોંઢ ગામના ખેતરોમાંથી અદાણી ગ્રુપની વીજ ટ્રાન્સમિશન લાઈન પસાર થવાની છે. કંપનીનો દાવોઃ 'દેશનો વિકાસ'. ખેડૂતનો સવાલઃ 'અમારા ખેતરનું શું?' ખેડૂતોનો આક્ષેપ છે કે વળતર ઓછું આપીને, પરવાનગી વગર, જમીન માપણી કરીને સીધા થાંભલા ગાડવાનું શરૂ કરી દીધું.

ખેડૂત બોલે "મારા ખેતરમાં થાંભલો નહીં" તો કંપની + તંત્ર બોલે "રાષ્ટ્રહિતમાં જરૂરી છે. ખેડૂતો પોતાની જમીન બચાવવા ખેતરે ગયા. વિરોધ કર્યો. પણ જવાબ શું મળ્યો? લાઠી, કેસ, ધમકી અને અટકાયત. અનેક દિવસથી કોંઢના ખેડૂતોને ખેતરે જતા રોકવામાં આવે છે. પોલીસનો પહેરો છે. જે ધરતી પરથી ૩ પેઢીથી અનાજ પાકે છે, એ જ ધરતી પર આજે ખેડૂત "અતિક્રમણકારી" બની ગયો છે. આ જુલમમાં નાના-નાના બાળકો પણ પીસાઈ રહ્યા છે. જે ઉંમરે બાળકે શાળાએ જવાનું હોય, એ ઉંમરે એને પોલીસની લાઠી અને ડરનો સામનો કરવો પડી રહ્યો છે. અદાણીની વીજ લાઈન "રાષ્ટ્રહિત" છે તો ખેડૂતની જમીન "રાષ્ટ્રવિરોધી" કેવી રીતે થઈ ગઈ? ખેડૂતને યોગ્ય વળતર + વૈકલ્પિક જમીન આપ્યા વગર થાંભલા કેમ ગાડવામાં આવી રહ્યા છે? નાના બાળકો પર જુલમ કરીને કયા "ગુજરાત મોડલ" નો પ્રચાર કરવા માંગો છો?

### ખેડૂતોએ કહ્યું અમારા ખેતરમાં થાંભલો નહીં તો કંપનીને તંત્રએ કહ્યું રાષ્ટ્રહિતમાં જરૂરી



### કનેક્શન શું છે?

- સ્ટેપ ૧: અદાણી ટ્રાન્સમિશન લિમિટેડને પ્રોજેક્ટ મળે
- સ્ટેપ ૨: ખેડૂતની ફળદ્રુપ જમીનમાંથી લાઈનનો રૂટ પસાર થાય કારણ કે જમીન સસ્તી પડે
- સ્ટેપ ૩: ખેડૂત વિરોધ કરે તો તંત્રનું દબાણ, ૧૪૪ કલમ, કેસ
- સ્ટેપ ૪: થાંભલા ઉભા થઈ જાય, વળતરના નામે ખેડૂતને છેતરપિંડી

આરોપી કરણી સેનાનો રાષ્ટ્રીય પ્રવકતા

# અયોધ્યાના સાધુ સામે રેપની FIR



■ પિડિતાએ કહ્યું : રામના દર્શન કરાવવાના બહાને દુષ્કર્મ કર્યુ

■ પતિએ છૂટાછેડા માંગ્યા મહારાજ હવે મને પત્નીની જેમ રાખે

**સિટી ન્યૂઝ@અયોધ્યા**

અયોધ્યાના રહેવાસી કથાકાર પવન દેવ મહારાજ (૪૨) સામે બિહારની એક મહિલાએ દુષ્કર્મની ફરિયાદ કરી છે. મહિલાએ કહ્યું, કથાકાર પવન દેવ મહારાજ તેને રામ મંદિરના દર્શન કરાવવાના બહાને અયોધ્યા લઈ આવ્યો. અહીં દુષ્કર્મ કર્યું. આ પછી મંદિરમાં ખોટા લગ્ન કર્યા. થોડા સમય સુધી પોતાની સાથે રાખી. પછી જબરદસ્તીથી પિયર મોકલી દીધી. મહિલાનો આરોપ છે કે કથાકારે તેના લગભગ ૧૦ લાખના દાગીના પડાવી લીધા. વિરોધ કરવા પર કથાકાર અને તેના પિતા પંડિત રમાકાંત શાસ્ત્રીએ મારપીટ કરી. જાનથી મારી નાખવાની ધમકી આપી.

પોલીસે શનિવારે રાત્રે મહિલાની ફરિયાદના આધારે કેસ નોંધ્યો છે. આખો મામલો જિલ્લા મુખ્યાલયથી ૨૫ કિમી દૂર બીકાપુર કોતવાલી વિસ્તારનો છે. પીડિત મહિલા બિહારના સીવાન જિલ્લાની રહેવાસી છે. તે પહેલાથી જ પરિણીત છે. બે બાળકો પણ છે. મહિલાએ જણાવ્યું- ૧૦ જુલાઈ, ૨૦૨૩ના રોજ ચંપારણમાં કથા હતી. આ જ કથામાં પહેલીવાર મારી મુલાકાત પવન દેવ મહારાજ સાથે થઈ હતી. તેમણે મારો નંબર લીધો અને અમારા બંને વચ્ચે વાતચીત શરૂ થઈ ગઈ. પવન દેવ મહારાજ મને પોતાના ફોટા અને વીડિયો મોકલતો હતો. ધીમે ધીમે અમારા બંને વચ્ચે નિકટતા વધતી ગઈ.

મહિલાએ જણાવ્યું કે, પવન દેવ બિહારના મુઝફ્ફરપુર આવ્યો. મને ફોન કર્યો કે મારી સાથે ચાલ, રામ મંદિરના દર્શન કરાવી દઈશ. મને વીઆઈપી દર્શન કરાવવાનો ભરોસો પણ આપ્યો. ત્યાંથી મને અને મારા દીકરાને ૧૦ જુલાઈ ૨૦૨૫ના રોજ અયોધ્યા લઈ આવ્યો.

તેણે મને પોતાના ઘરે રોકાવાની વ્યવસ્થા કરી આપી. કહેવા લાગ્યો કે અયોધ્યામાં મારું ઘર છે અને આપણે ઘરમાં જ રોકાઈશું. ઘરમાં પવન દેવની માતા અને નાનો ભાઈ આનંદ મિશ્રા હાજર હતા. બીજા દિવસે કથાવાચકની માતા પિયર ચાલી ગઈ. આ પછી તક મળતાં પવન દેવ મહારાજે મારી સાથે દુષ્કર્મ કર્યું. ઘટના પછી મેં વિરોધ કર્યો અને પોલીસમાં ફરિયાદ કરવાની વાત કહી. આના પર કથાવાચકે મારી માફી માંગતા લગ્ન કરવાનું વચન આપ્યું. કથાવાચકે મને પોતાની પાસે જ રાખી, કારણ કે તેને ડર હતો કે જો હું તરત પોલીસ પાસે ગઈ અને મેડિકલ તપાસ થઈ તો મામલો બહાર આવી શકે છે.

મહિલાએ જણાવ્યું કે, ઘટના પછી મેં મારા પરિવારજનોને સંપૂર્ણ માહિતી આપી. પરિવારે મને સાવધાન રહેવા કહ્યું. પરંતુ, મેં કથાવાચકના લગ્નના વચન પર ભરોસો કરી લીધો. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ નાકા હનુમાનગઢીમાં અમે બંનેએ લગ્ન કર્યા. આ પછી તે મને પોતાના ઘરે લઈ ગયો. ઘરે તેની માતા, ભાઈ આનંદ મિશ્રા, પિતા પંડિત રમાકાંત શાસ્ત્રી બધા લોકો હતા. ત્યાં હું રહેવા લાગી. આ દરમિયાન હું ગર્ભવતી પણ થઈ ગઈ હતી.




# રામ મંદિરમાંથી 7 કરોડની ચોરી

## અયોધ્યા રામ મંદિરના ચઢાવાની કરોડો રૂપિયાની રકમ ગાયબ છે

**સિટી ન્યૂઝ@અયોધ્યા**

સપા અધ્યક્ષ અખિલેશ યાદવનો આરોપ છે કે અયોધ્યા રામ મંદિરમાં આવેલા ચઢાવામાં કરોડો રૂપિયાની ચોરી કરવામાં આવી છે. તેમણે રવિવારે બપોરે X પોસ્ટ લખીને કહ્યું કે, સરકારનું મૌન શંકાસ્પદ છે. કોર્ટે પોતે આ મામલાની નોંધ લેવી જોઈએ.

અયોધ્યામાં સપાના પૂર્વ ધારાસભ્ય અને મંત્રી રહી ચૂકેલા પવન પાંડેયએ દાવો કર્યો કે ૫ થી સાડા ૭ કરોડ સુધીની ચોરી કરવામાં આવી છે. જો ચોરી નથી થઈ તો ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય સામે આવે અને પ્રભુ શ્રીરામના સોગંદ ખાઈને કહે કે આરોપો ખોટા છે. જો વાત સાચી છે તો FIR કરાવે. અખિલેશ અને પવન પાંડેના આરોપો પર શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પ્રશાસક ગોપાલજી રાવે કહ્યું, આ લોકોએ મંદિરના પક્ષમાં ક્યારેય બોલ્યા નથી. આરોપ કોઈ પણ લગાવી શકે છે. તમે મહામંત્રી સાથે વાત કરો. હું અધિકૃત વક્તા નથી. તમે ચંપત રાય સાથે વાત કરો.

અખિલેશે X પોસ્ટ કરીને લખ્યું કે, આખી દુનિયામાં ભગવાન રામના ભક્તો માટે આ એક અત્યંત સંવેદનશીલ સમાચાર છે. રામ મંદિરના ચઢાવાની કરોડો રૂપિયાની રકમ ગાયબ છે.

અખિલેશે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અને સરકારને પણ ઘેર્યા છે. લખ્યું કે, કરોડો રૂપિયા ગાયબ થવા મંદિર ટ્રસ્ટ માટે અત્યંત શરમજનક સ્થિતિ છે. કોઈ પણ સફાઈ આપવા માટે સામે આવવા માંગતું નથી.

સપા અધ્યક્ષે કોર્ટને સ્વત સંજ્ઞાન લેવાની માગ કરી છે, કારણ કે તેનો સીધો સંબંધ વૈશ્વિક સ્તરે સમસ્ત સનાતની સમાજની પ્રભુ રામમાં ઊંડી આસ્થા સાથે જોડાયેલો છે. સરકારની ચૂપકીદી શંકાસ્પદ છે. પવન પાંડેય સપા સરકારમાં વન અને મનોરંજન કર રાજ્ય મંત્રી રહ્યા છે. તેમણે દાવો કર્યો કે અયોધ્યા રામ મંદિરની અંદર જે દાનપેટીઓ રાખેલી છે, જે ચઢાવો આવે છે, તેમાં ૫ થી ૭.૫૦ કરોડ સુધીની ચોરી કરવામાં આવી છે. તેમાં ભાજપના જ કાર્યકર્તાઓ અને ટ્રસ્ટના કેટલાક લોકોના નામ સામે આવી રહ્યા છે. હું આ દેશની સરકાર અને યુપી સીએમ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પૂછવા માંગુ છું કે શું તમે આ મામલાની નિષ્પક્ષ તપાસ કરાવશો? શું તે ચોરો પર એફઆઈઆર થશે? કારણ કે દેશના કરોડો લોકોની આસ્થા તે મંદિર સાથે જોડાયેલી છે.

લોકોએ પોતાની મહેનતની કમાણીના પૈસા, એક-એક રૂપિયો જોડીને તે મંદિરના નિર્માણ માટે અને ભગવાન રામના ચરણોમાં અર્પણ કર્યા હતા. જો ત્યાં આ પ્રકારની ચોરી થઈ રહી છે, તો તે ખૂબ જ નિંદનીય છે. સરકારે તરત જ તેના પર કાર્યવાહી કરવી જોઈએ અને જે પણ દોષિત છે, તેમને જેલના સળિયા પાછળ મોકલવા જોઈએ. તેમણે કહ્યું, હજુ એ સ્પષ્ટ નથી કે આ ચોરી કેટલા સમયથી થઈ રહી હતી. ટ્રસ્ટના કયા-કયા સભ્યો સુધી આ પૈસા ગયા છે, તેની પણ તપાસ થવી જોઈએ.

શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ટ્રસ્ટી મહંત દિનેંદ્ર દાસે અખિલેશ યાદવના આરોપો પર કહ્યું કે, અમને રામજીની પરંપરા પર વિશ્વાસ છે. જો કોઈ પણ પ્રકારની અનિયમિતતા થઈ હશે તો રામજી પોતે તેનો નિર્ણય આપશે. રામજી તેને દંડ આપશે.

### રાજસ્થાનમાં કરા પડ્યા; MP-યુપીમાં ભારે વરસાદ

# ચોમાસું 12 રાજ્યોમાં આવ્યું ગુજરાતમાં 15 જૂન પછી આવશે

### દિલ્હી એરપોર્ટ પર ભારે પવન અને વરસાદઃ એર ઈન્ડિયાના 3 વિમાનને કરોડોનું નૂકસાન






સિટી ન્યૂઝ@નવી દિલ્હી

દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ઝડપથી આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રવિવાર સુધીમાં ચોમાસું ૧૨ રાજ્યો સુધી પહોંચી ગયું છે. તેણે સમગ્ર કેરળ, કર્ણાટક, મણિપુર, નાગાલેન્ડ અને મિઝોરમને આવરી લીધું છે.મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં પ્રી-મોન્સુન વરસાદ થઈ રહ્યો છે. રાજસ્થાનના શ્રીગંગાનગરમાં રવિવારે વરસાદ સાથે કરા પડ્યા. મધ્ય પ્રદેશના ઈન્દોર-ખંડવા હાઈવે પર વાવાઝોડાને કારણે ઓટો પલટી ગયું.
દિલ્હી એરપોર્ટ પર તીવ્ર વાવાઝોડા અને વરસાદ દરમિયાન ગ્રાઉન્ડ સપોર્ટ ઈક્વિપમેન્ટ્સની ટક્કરથી એર ઈન્ડિયાના ત્રણ નેરો બોડી વિમાનોને નુકસાન થયું.
ઘટના બાદ ત્રણેય વિમાનોને ઓપરેશનમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે.દિલ્હી-NCRમાં સોમવારથી હવામાનમાં ફેરફાર આવ્યો છે, અહીં ફરી ગરમી વધશે. આવનારા દિવસોમાં તાપમાન ૪૫C સુધી પહોંચવાની શક્યતા છે. હવામાન વિભાગ અનુસાર આવતા અઠવાડિયે હીટવેવ જેવી પરિસ્થિતિઓ સર્જાઈ શકે છે.
કેરળમાં આ વખતે ચોમાસું ત્રણ દિવસ મોડું, ૪ જૂને પહોંચ્યું હતું. ૪ દિવસની અંદર તેણે ૧૨ રાજ્યોને આવરી લીધા. રવિવારે ચોમાસાએ પૂર્વોત્તરના ત્રિપુરા, આસામ, અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડમાં પ્રવેશ કર્યો છે.આ પહેલા શનિવારે આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ અને મણિપુરમાં પહોંચ્યું હતું. IMD અનુસાર, ૭ થી ૯ જૂન વચ્ચે કેરળમાં ઘણી જગ્યાએ ભારે વરસાદ થઈ શકે છે. લક્ષદ્વીપમાં ૭ અને ૮ જૂને ભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગ અનુસાર, ૩-૪ દિવસમાં ચોમાસું મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશામાં કોઈ પણ અવરોધ વિના આગળ વધી શકે છે.

## પાલિતાણામાં શેત્રુંજય પર્વત પર યાત્રીકો વચ્ચે સિંહ આવતા લોકોમાં ફફડાટ



સિટી ન્યૂઝ@પાલિતાણા

યાત્રાધામ પાલિતાણાના શેત્રુંજય પર્વત પર ફરી એક વાર ગીરના સાવજનો ખોફ જોવા મળ્યો છે. વેકેશનની રજાઓને કારણે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પર્વત પર જઈ રહ્યા હતા ત્યારે યાત્રિકોની અવરજવર વચ્ચે અચાનક જ જંગલનો રાજા આવી ચડ્યો હતો. યાત્રાના મુખ્ય માર્ગ પર સિંહ આવી જતાં શ્રદ્ધાળુઓમાં ફફડાટ ફેલાયો હતો.સિંહને જોઈને ગભરાયેલા યાત્રીઓ તાત્કાલિક પાછળ હટી ગયા હતા અને દૂર ચાલ્યા ગયા હતા.આ અફરાતફરી દરમ્યાન કેટલાક પ્રવાસીઓએ પોતાની બેગ રસ્તા પર જ છોડી દીધી હતી. એમાંથી એક યાત્રાળુની બેગ સિંહ પોતાના મોંમાં ઉપાડીને જંગલ તરફ ચાલ્યો ગયો હતો.

## ગીરના સિંહોના મૃત્યુ હીટવેવના કારણે થયા અર્જુન મોઢવાડીયા

સિટી ન્યૂઝ@ગાંધીનગર

ગુજરાત અને સૌરાષ્ટ્રના શાન સમાન એશિયાઈ સિંહોમાં અચાનક જ સર્જાયેલા સંક્રમણ અને આઠ સિંહોના મોત પાછળ ખરેખર કારણ કયું તે અંગે દ્વીધા સર્જાઈ છે અને ખાસ કરીને રાજયના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાના વિધાનોએ નવા પ્રશ્નો સર્જયા છે. તા.૨૯ના રોજ મોઢવાડીયાએ એવું જણાવ્યું હતું કે સિંહોમાં બે-બે શીયા નામના એક ગંભીર પેરાસીટીક ઈન્ફેકશન થયુ છે અને તેના કારણે સિંહોના મોત થયા છે.આ પ્રકારે ઈન્ફેકશન એ સિંહોને કુતરા કે અન્ય ઢોર મારફત લાગ્યો હોય તેવું મનાતુ હતું અને વન વિભાગે પણ ૬૦૦ જેટલા સિંહોને અલગ કરીને તેઓને વેકસીન સહિતની તથા તેમના શરીર પર જે ચાચડ જેવી જીવાત ચોંટી હોય તે પણ દુર કરીને સલામત કર્યા હતા.જો કે આઠ સિંહોને બચાવી ન શકાયા પરંતુ સ્થિતિ ગંભીર થાય તે પુર્વે જ અંકુશમાં લઈ લેવાય અને તા.૫ ના રોજ જાહેર થયુ કે રોગચાળો સંપૂર્ણ કાબુમાં છે અને હવે એકપણ સિંહ બિમાર નથી.

### ગુજરાત એસ.ટી. નિગમનો મોટો આદેશ

# S.T ડ્રાઈવર બસ ચલાવતી વખતે ફોન નહીં વાપરી શકે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**



ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોની સુરક્ષા અને કર્મચારીઓમાં શિસ્ત જાળવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નિગમે ડ્રાઈવર, કંડક્ટર અને અન્ય સ્ટાફ માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે, જેમાં ફરજ દરમિયાન મોબાઈલ ફોનના ઉપયોગ પર કડક નિયંત્રણ મૂકવામાં આવ્યું છે. નિગમ દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચનાઓ અનુસાર હવે એસટી બસ ચલાવતી વખતે ડ્રાઈવરો કોઈપણ સંજોગોમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકશે નહીં. ડ્રાઈવિંગ દરમિયાન મોબાઈલના ઉપયોગને કારણે અકસ્માતનું જોખમ વધતું હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. માત્ર ડ્રાઈવરો જ નહીં, પરંતુ કંડક્ટર અને અન્ય કર્મચારીઓને પણ ફરજ દરમિયાન બિનજરૂરી મોબાઈલ વપરાશથી દૂર રહેવા સૂચના આપવામાં આવી છે. નિગમનું માનવું છે કે ડ્યૂટી દરમિયાન મોબાઈલમાં વ્યસ્ત રહેવાને કારણે કામગીરીની ગુણવત્તા અને મુસાફરોની સેવા પર અસર પડી શકે છે.નવી માર્ગદર્શિકા હેઠળ કર્મચારીઓને ડ્યૂટી દરમિયાન રીલબનાવવી, ફોટોગ્રાફી કરવી અથવા સોશિયલ મીડિયા પર કોઈપણ પ્રકારનું કન્ટેન્ટ પોસ્ટ કરવાનું ટાળવા સૂચના આપવામાં આવી છે. નિગમે સ્પષ્ટ કર્યું છે કે આવી પ્રવૃત્તિઓ કર્મચારીઓનું ધ્યાન ભંગ કરે છે અને સલામતી માટે જોખમ ઊભું કરી શકે છે. નિગમના જણાવ્યા મુજબ આ નિર્ણયનો મુખ્ય હેતુ મુસાફરોની સુરક્ષા વધારવાનો, કામગીરીને વધુ અસરકારક બનાવવાનો અને કર્મચારીઓમાં જવાબદારીની ભાવના મજબૂત કરવાનો છે. GSRTCએ સ્પષ્ટ કર્યું છે કે જાહેર કરાયેલી સૂચનાઓનું પાલન ન કરનાર કર્મચારીઓ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યમાં લાખો મુસાફરો રોજ એસટી સેવાનો ઉપયોગ કરતા હોવાથી સલામત અને જવાબદાર સેવા સુનિશ્ચિત કરવા માટે આ પગલું મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે આ પ્રકારના નિયમો અમલમાં આવવાથી માર્ગ અકસ્માતો ઘટાડવામાં અને જાહેર પરિવહન સેવાઓને વધુ સુરક્ષિત બનાવવામાં મદદ મળશે.

### ગ્રાન્ટ મંજૂરીમાં વિલંબથી પગાર અટક્યો

## ગુજરાતમાં 2 લાખ શિક્ષકોનો પગાર અટકતા ભારે રોષ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**



શિક્ષકો આર્થિક સંકટમાં મૂકાયા

ગુજરાત રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થાની કરોડરજ્જુ ગણાતા લાખો શિક્ષકો હાલ પગાર વિલંબના મુદ્દે આર્થિક અને માનસિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. રાજ્યભરમાં વસ્તી ગણતરી સહિતની વિવિધ સરકારી કામગીરી વચ્ચે શિક્ષકોના વેતન સમયસર ન થતાં શિક્ષક વર્ગમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.મળતી માહિતી મુજબ, રાજ્યના અંદાજે ૨ લાખ પ્રાથમિક અને અન્ય શિક્ષણ વિભાગ ના કર્મચારીઓને પગાર ચુકવણીમાં વિલંબ થઈ રહ્યો છે.આ પાછળનું મુખ્ય કારણ સમયસર ગ્રાન્ટ મંજૂર ન થવાનું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેના કારણે અનેક શિક્ષકોના પરિવારના માસિક બજેટ પર સીધી અસર પડી છે. તાજેતરમાં રાજ્ય સરકારે શિક્ષણ ક્ષેત્ર માટે ૬૩,૧૮૪ કરોડ રૂપિયાનું રેકોર્ડબ્રેક બજેટ જાહેર કર્યું હતું. શિક્ષણની ગુણવત્તા સુધારવા અને શાળાઓના આધુનિકીકરણ માટે અનેક યોજનાઓની જાહેરાત પણ કરવામાં આવી હતી. જોકે, બીજી તરફ શિક્ષકોને સમયસર વેતન ન મળતા શિક્ષણ વિભાગની કાર્યપ્રણાલી અંગે પ્રશ્નો ઉભા થયા છે.પગાર મોડો થવાના કારણે ઘણા શિક્ષકોના હોમ લોન, કાર લોન અને અન્ય બેંક હપ્તાઓ સમયસર ભરાઈ શકતા નથી. જેના કારણે દંડ, વધારાના વ્યાજ અને આર્થિક દબાણનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક શિક્ષકો આર્થિક મુશ્કેલીઓ સાથે માનસિક તણાવ પણ અનુભવી રહ્યા છે.

### ચૂંવાળિયા ઠાકોર સમાજનું નવું બંધારણ લાગુ

## લગ્નમાં ફટાકડા ડી.જે, વ્યસન પર પ્રતિબંધ


### ભંગ કરનારને 51 હજાર દંડ ફટકારવામાં આવશે

**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**



ચુવાળીયા ઠાકોર સમાજ દ્વારા સાયલાના આયા બોર્ડ પાસે આવેલા સામતપર વેલનાથ આશ્રમ ખાતે એક મહા સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં સમાજ દ્વારા લગ્ન પ્રસંગો માટે નવું બંધારણ ઘડવામાં આવ્યું છે, જેનો અમલ આજથી શરૂ થયો છે.આ નવા બંધારણ અંતર્ગત લગ્ન પ્રસંગોમાં ફટાકડા ફોડવા, ડીજે વગાડવું અને કોઈપણ પ્રકારના વ્યસન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પગલું મોંઘવારીને નિયંત્રિત કરવા અને લગ્ન પ્રસંગોમાં થતા બિનજરૂરી ખર્ચાઓ, જેમ કે ઘરેણાં અને અન્ય ખોટા ખર્ચાઓ પર અંકુશ લાવવા માટે લેવામાં આવ્યું છે. આ મહા સંમેલનમાં સુરેન્દ્રનગર, બોટાદ અને મોરબી જિલ્લાના ૧૫૦ થી વધુ ગામોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ આગેવાનોની સર્વાનુમતે આ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.બંધારણના અમલનો ભંગ કરનાર વ્યક્તિને સમાજનો દોષિત ગણવામાં આવશે અને તેની સામે ૫૧ હજાર રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ દંડની તમામ રકમનો ઉપયોગ સમાજના શિક્ષણ પાછળ કરવામાં આવશે.










# રાજ્યસભા માટે ભાજપના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતની રાજ્યસભાની ૧૧માંથી ખાલી પડેલી ૪ બેઠકો પર ૧૮ જૂને ચૂંટણી યોજાવાની છે, જેના માટે આજે (૮ જૂન) ઉમેદવારીનો અંતિમ દિવસ છે. ગુજરાતની ખાલી પડેલી ચારેય બેઠકો પર ભાજપે જાહેર કરેલા ઉમેદવારો આજે ઉમેદવારી નોંધાવશે.ફોર્મ ભરતી સમયે ઉમેદવારોની સાથે મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહેશે. સંખ્યાબળ જોતા ભાજપના ચારેય ઉમેદવારોની જીત નિશ્ચિત મનાઈ રહી છે. માનસિંહ પરમાર તો ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પણ લડી ચૂક્યા છે. સોમનાથ બેઠક પર કૉંગ્રેસના વિમલ ચુડાસમા સામે અંતિમ રાઉન્ડ સુધી કાંટે કી ટક્કર ચાલી હતી. જેમાં વિમલ ચુડાસમા બાજી મારી ગયા અને માનસિંહ પરમારનો હતા. ચૂંટણી પહેલાં સાંસદ રાજેશ ચુડાસમાએ પોતાના ગામનાને જીતાડવા અપીલ કરી હતી. રાજેશ ચુડાસમા અને વિમલ ચુડાસમા ચોરવાડ ગામના રહેવાસી છે. ચૂંટણીમાં વિમલ ચુડાસમાને કુલ ૭૩ હજાર મત મળ્યા હતા જ્યારે ભાજપના માનસિંહ પરમારને ૭૨ હજાર મત મળ્યા હતા. ખુબ પાતળી સરસાઈ સાથે વિમલ ચુડાસમા ફરી અહીંના ધારાસભ્ય બન્યા હતા. રાજ્યસભાની ખાલી પડેલી ચાર બેઠકો માટે ભાજપ દ્વારા રાજુ શુક્લ, જીતેન્દ્ર કણઝારિયા, ડો. મુકેશ રાઠવા અને માનસિંહ પરમારને ઉમેદવાર બનાવ્યા છે. ઈતિહાસમાં પહેલીવાર ગુજરાતમાંથી રાજ્યસભામાં કોંગ્રેસનો એક પણ સભ્ય નહીં હોય. કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલ નિવૃત્ત થઈ જશે. એક બેઠક જીતવા માટે ૪૬ મતની જરૂર હોય છે અને કોંગ્રેસ પાસે ગુજરાતમાં માત્ર ૧૨ ધારાસભ્યો છે. આદિવાસી સમાજના મુકેશ રાઠવાને આદિવાસી એવા રમીલાબેન બારાની જગ્યાએ ટિકિટ આપવામાં આવી છે. માત્ર એટલું જ નહીં, તેમને ચૈતર વસાવાના જવાબ તરીકે પણ જોવામાં આવે છે, કારણ કે તેઓ ચૈતરની જેમ યુવા અને હાઈલી એજ્યુકેટેડ છે.

## વિસનગરમાં નગરપાલિકાની ચૂંટણીમાં દીપક મોદી બિનહરીફ વિજેતા બન્યા હતા

# ભાજપ નેતાનો આપઘાત

## વહેલી સવારે ટ્રેન નીચે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું : દિકરો-દિકરી બંન્ને ડોક્ટર

**સિટી ન્યૂઝ@મહેસાણા**

મહેસાણા જિલ્લાના વિસનગરથી એક અત્યંત ચોંકાવનારા અને દુખદ સમાચાર સામે આવ્યા છે. વિસનગર નગરપાલિકાના વોર્ડ નંબર-૧ ના ભારતીય જનતા પાર્ટીના નગરસેવક દીપક મોદીએ વહેલી સવારે ટ્રેન નીચે પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને રાજકીય આલમમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાથમિક અહેવાલો અનુસાર, વિસનગરના ગણેશનગર સોસાયટીમાં રહેતા દીપક મોદીએ આજે વહેલી સવારે આઘાતજનક પગલું ભર્યું હતું. તેઓ પટણી દરવાજાથી માટેલ હોટલ તરફ જતા માર્ગ પર આવેલા સ્મશાન નજીકના નાળા પાસે પહોંચ્યા હતા. જ્યાં તેમણે સામેથી આવી રહેલી વરેઠા-ગાંધીનગર પેસેન્જર ટ્રેન નીચે પડતું મૂકી દીધું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે



ટ્રેન નીચે આવી જવાથી નગરસેવકનું શરીર બે ભાગમાં વિભાજિત થઈ ગયું હતું.

દીપકભાઈ મોદી વિસનગર નગરપાલિકામાં ભાજપના સક્રિય અને અગ્રણી નેતા હતા. તેઓ તાજેતરમાં યોજાયેલી નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર-૧ માંથી બિનહરીફ વિજેતા બન્યા હતા, જે તેમની લોકપ્રિયતા દર્શાવે છે. તેમની પક્ષ પ્રત્યેની નિષ્ઠા અને સંગઠન શક્તિને ધ્યાનમાં રાખીને તેમને પાલિકામાં ભાજપના પક્ષના નેતા (લીડર) તરીકેની મહત્ત્વની જવાબદારી પણ સોંપવામાં આવી હતી.

આ દુખદ ઘટનાની જાણ વાયુવેગે પ્રસરતા મોટી સંખ્યામાં સ્થાનિક લોકો, તેમના પરિચિતો અને ભાજપના કાર્યકરો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. વિસનગર શહેર ભાજપ પ્રમુખ, જિલ્લા ભાજપ પ્રમુખ, અન્ય નગરસેવકો તેમજ મોટી સંખ્યામાં હોદ્દેદારો અને કાર્યકરો હોસ્પિટલ તેમજ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પક્ષના એક નેતાના અકાળ અવસાનથી ભાજપ પરિવારમાં પણ ભારે આઘાત જોવા મળ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે જરૂરી પંચનામું અને પ્રાથમિક કાર્યવાહી હાથ ધરી હતી. ટ્રેન અકસ્માતના ભયાનક દ્રશ્યો વચ્ચે મૃતદેહના અવશેષોને એકઠા કરી વિસનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.

## અમદાવાદ CPનો ચાર્જ જી.એલ. મલિક પાસે જ રહેશે

# નવા DGPનો ચાર્જ સંભાળ્યો

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત પોલીસને લાંબા સમય બાદ નવા કાયમી પોલીસ મહાનિર્દેશક મળ્યા છે. ૧૯૯૩ બેચના વરિષ્ઠ આઈપીએસ અધિકારી જી. એસ. મલિકે (જ્ઞાનેન્દ્ર સિંહ મલિક) ૮ જૂનને સોમવારે ગાંધીનગર સ્થિત પોલીસ ભવન ખાતે રાજ્યના પોલીસ વડા તરીકે સત્તાવાર રીતે ચાર્જ સંભાળી લીધો છે. તેઓ જ્યારે કાર્યભાર ગ્રહણ કરવા પહોંચ્યા ત્યારે ગુજરાત પોલીસના અનેક વરિષ્ઠ અધિકારીઓએ ઉપસ્થિત રહીને તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

આ પદભારની સાથે જી.એસ. મલિક પાસે અમદાવાદ શહેર પોલીસ કમિશનરનો ચાર્જ પણ યથાવત્ રહેશે. સોમવારે સવારે તેઓએ પહેલા અમદાવાદ કમિશનર કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વની બેઠક કરી હતી અને ત્યાંથી તેઓ ગાંધીનગર પોલીસ



ભવન કચેરી જવા રવાના થયા હતા. રાજ્યમાં જ્યાં સુધી નવા પોલીસ કમિશનરની સત્તાવાર નિમણૂક ન થાય ત્યાં સુધી ડીજીપી જી.એસ. મલિક પાસે જ અમદાવાદ શહેરનો આ એડિશનલ ચાર્જ રહેશે.

લાંબો વહીવટી અનુભવ અને પોલીસિંગ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા જી. એસ. મલિકની રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ ગુજરાતના કાયમી DGP તરીકે સત્તાવાર નિમણૂક કરવામાં આવી હતી. આ અગાઉ તેઓ કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક હોદ્દાઓ પર પોતાની ફરજ બજાવી ચૂક્યા છે. પોલીસ બેડામાં તેમની ઓળખ એક કડક વહીવટકર્તા, સચોટ આયોજન કરનાર અને કાયદો-વ્યવસ્થાનું ચુસ્ત પાલન કરાવનારા શિસ્તબદ્ધ અધિકારી તરીકેની છે.

વર્તમાન સમયમાં રાજ્યમાં વધી રહેલા સાયબર ગુનાઓ, સંગઠિત ગુનાખોરી અને આંતરિક સુરક્ષા જેવા વિવિધ મોટા પડકારો વચ્ચે નવા DGP તરીકે જી.એસ. મલિકની આ નિમણૂક ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. પદભાર સંભાળ્યા બાદ આગામી દિવસોમાં તેમના નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસ વધુ સ્માર્ટ, ટેક્નોલોજી આધારિત અને જનકેન્દ્રિત પોલીસિંગ તરફ આગળ વધશે તેવી આશા ઉચ્ચ અધિકારીઓ અને નાગરિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# નીશી પપ્પાની વાતને કારણે ગોપાલનું મગજ બહેર મારી ગયું

ગોપાલ મુલાકાતરૂમમાંથી પાછો ફર્યો અને હોસ્પિટલમાં કામ કરવા લાગ્યો; પણ તેનું ધ્યાન કામમાં નહોતું લાગતું. એના મનમાં સતત નિશીના પપ્પાનું છેલ્લું વાક્ય ઘુમરાઈ રહ્યું હતું. “જો તમારે લાંબો સમય જેલમાં રહેવાનું થયું; તો મારે વિચાર કરવો પડશે. મારે વિચાર કરવો પડશે... મારે વિચાર કરવો પડશે...” તેનો શું અર્થ કરવો? એ તેને સમજાઈ રહ્યું નહોતું. નિશીના પપ્પા કઈ બાબતનો વિચાર કરી રહ્યા હતા? એના પપ્પાએ કોઈ વાતનો ફોડ પાડ્યો નહીં.

બપોર થતાં હોસ્પિટલ બંધ થઈ એટલે ગોપાલ પોતાની બેરેકમાં પાછો ફર્યો. સલીમ જમીને સૂઈ ગયો હતો. ગોપાલે પોતાની થાળી લીધી અને જમવા બેઠો. એકાદ બે કોળિયા ખાધા હશે, ત્યાં પાછો તેને વિચારોએ ઘેરી લીધો. એના હાથમાં રહેલો કોળિયો એવો જ રહી ગયો. અચાનક એને કોઈએ ઢંઢોળ્યો હોય તેવું લાગ્યું. જોયું તો સલીમ હતો. તેણે ગોપાલનો ચહેરો જોતાં પૂછ્યું, “મિયાં ક્યા હુવા?”

“કંઈ નહીં.” માત્ર આટલું બોલીને ગોપાલે જમવાનું શરૂ કર્યું.એ પાંચ સાત કોળિયા જ ખાઈ શક્યો. ઊભો થઈને બહાર ગયો. બેરેકની બહાર રહેલાં ડસ્ટબિનમાં વધેલું ફેંકી દીધું. બેરેકમાં પાછો આવીને બિસ્તર પર બેસી ગયો. સલીમ તેને જોઈ રહ્યો હતો. સલીમે નક્કી કર્યું હતું કે, આજે તેને કંઈ પૂછવું જ નથી. સલીમ જાગતો હોવા છતાં ગોપાલ તરફ પીઠ કરીને, સૂઈ ગયો છે તેવો ડોળ કર્યો. બેરેકમાં કેટલાક કેદીઓ ટીવી જોઈ રહ્યા હતા. ગોપાલને તેમની પર બહુ ગુસ્સો આવતો હતો. કારણ કે આજે ટીવીનો અવાજ ગોપાલના વિચારોને ઘમરોળી નાખતો હતો.


નિશી જ્યારે આવી, ત્યારે તો તેણે કોઈ વાત કરી નહોતી. પછી પપ્પા કઈ વાતનો વિચાર કરી રહ્યા હતા? પણ પછી તરત એને યાદ આવ્યું કે, પપ્પાએ કીધું હતું કે, તે જેલ પર આવ્યા છે, તેની નિશીને ખબર નથી. ગોપાલ વિચારી રહ્યો હતો કે, તેની જિંદગીમાં તો એક સાંધો ત્યાં તેર તૂટે તેવી સ્થિતિ છે! એક પછી એક ગરબડ થઈ રહી છે.બપોરના ત્રણ વાગ્યા. ચા આવી. બધા કેદીઓ ચા લઈ રહ્યા હતા. સલીમ અને ગોપાલે પણ ચા લીધી. બંને સાથે બેસીને ચા પી રહ્યા હતા. સલીમે તેને કંઈ જ પૂછ્યું નહીં. સલીમને પ્રશ્ન વિશે કંઈ જ ખબર નહોતી. ગોપાલના સસરા એની મુલાકાતે આવ્યા હતા, તે વાતથી પણ




સલીમ અજાણ હતો. પણ એટલી ખબર હતી કે, ગોપાલને કોઈ વાત તકલીફ આપી રહી છે.

સલીમના સતત માનસિક રક્ષણમાં જીવતા ગોપાલને હવે એની આદત પડી ગઈ હતી. સલીમ એની એ આદતને છોડાવવા માગતો હતો. જે પણ પ્રશ્ન હોય, ગોપાલે હવે જાતે જ લડવું પડશે. એટલે જ્યાં સુધી ગોપાલ પોતાની વાત કરે નહીં, ત્યાં સુધી એને કંઈ જ પૂછવું નહીં. તેવું તેણે મનોમન નક્કી કર્યું હતું. ચા પીધા પછી ગોપાલ સલીમ સાથે વાત કર્યા વગર જ હોસ્પિટલ જતો રહ્યો.

ગોપાલનું ધ્યાન કામમાં નહોતું. કોઈ કેદી તેને દવા વિશે કંઈ પૂછે, તો ગોપાલ એકદમ ગુસ્સે થઈ જતો હતો.


પ્રશાંત દયાળ

ગોપાલનો અવાજ એટલો મોટો થઈ ગયો કે, બહાર બેઠેલા ડૉક્ટરના કાને એનો અવાજ પડ્યો. તેમણે પણ મોટા અવાજે પૂછ્યું, “કોણ રાડો પાડે છે અંદર?”

ગોપાલ શાંત થઈ ગયો. એને પોતાની ભૂલ સમજાઈ. પણ તેનાં મનમાં સતત ઘમસાણ ચાલી રહ્યું હતું. તેને આશ્ચર્ય એ વાતનું હતું કે, તેનો ચહેરો જોઈને સમજી જતા સલીમે હજી તેને કંઈ જ પૂછ્યું નહોતું! તેને થયું કે, દોડીને સલીમને બધું કહી દઉં. પણ તે એવું કરી શક્યો નહીં. સાંજે હોસ્પિટલ બંધ થતાં તે બેરેક તરફ પાછો ફર્યો. જેમ પક્ષીઓ પોતાના માળામાં પાછા ફરે તેમ કેદીઓ પોતાની બેરેકમાં પાછા ફરી રહ્યા હતા.

જમવાનું આવી ગયું હતું. કેટલાક કેદીઓએ જમી લીધું હતું. સલીમે પોતાનું, ગોપાલનું અને ગોવિંદનું જમવાનું લઈ લીધું હતું. ગોવિંદ પણ આજે આખો દિવસ બેરેકમાં આવ્યો નહોતો. ગોપાલને તો તેની ખબર પણ નહોતી. પણ સલીમના ધ્યાનમાં એ આવી ગયું હતું. સાડા છ થતાં બંધી થઈ. સિપાહીએ આવી કેદીઓની ગણતરી કરી, બેરેકને લોક માર્યું. ગોવિંદ સાંજે નાહીને બહાર નીકળ્યો, ત્યારે તેણે ગોપાલ અને સલીમ સામે જોયું, પણ કંઈ વાત કરી નહીં. જેલમાં રોજ પ્રમાણે પહેલાં આરતી થઈ અને પછી નમાઝ થઈ. કેદીઓ પોતાની મસ્તીમાં હતા. સલીમ ઊભો થઈ ગોવિંદ પાસે ગયો અને કહ્યું, “ભાઈ જમીશું?”ગોવિંદે ઉપર જોયું. એક મિનિટ વિચાર કરીને કહ્યું, “ભૂખ લાગી નથી. તમે જમી લો.”સલીમ નીચે બેઠો. તેણે ગોવિંદના પગ પર હાથ મૂકતાં કહ્યું, “ભાઈ મને ખબર છે. આજે તમે સવારે પણ જમ્યા નથી. ચાલો સાથે જમીએ. જે ફાવે એ, થોડુક જમજો.”ગોવિંદના ચહેરા પર સ્મિત આવ્યું. કહ્યું, “સારૂ, આવુ છું.”

સલીમને ખબર હતી કે, ગોપાલ પણ તેના મૂડને કારણે જમવામાં નાટક કરશે. ભાઈ પણ જમ્યા નહોતા. જો ભાઈ જમવા આવે, તો ગોપાલની નાટક કરવાની કોઈ જ તાકાત નહોતી. સલીમ પાછો પોતાના બિસ્તર પાસે આવ્યો. તેણે ગોપાલને કહ્યું, “ભાઈ જમવા આવે છે.”તેણે એક કાંકરે બે પક્ષી માર્યાં હતાં. તેણે બીજા શબ્દોમાં ગોપાલને કહી દીધું હતું કે, “તારે જમવું પડશે.” ગોવિંદ આવ્યો. સલીમે બોલ્યા વગર ત્રણ થાળીઓ ખોલી નાખી. ગોવિંદ અને ગોપાલ બોલ્યા વગર ર બેસી ગયા અને ત્રણેય જમવા લાગ્યા. તેમની વચ્ચે કોઈ સંવાદ નહોતો.

થોડી થોડી વારે નજર ઊંચી કરીને, સલીમ ક્યારેક ગોવિંદ સામે તો ક્યારેક ગોપાલ સામે જોઈ લેતો હતો. ગોવિંદે પોતાની થાળી સાફ થાય એ રીતે જમી લીધું. કદાચ ભૂખ પણ એવી જ લાગી હશે. પણ મન ક્યારેક બાળક જેવું થઈ જાય છે. તેને પણ કોઈ લાડ લડાવે અથવા મનાવે એવી જરૂર હોય છે. સલીમ તેને બોલાવા ગયો ન હોત, તો ગોવિંદ આજે જમ્યો જ ન હોત. જમવાનું પૂરું થઈ ગયું હતું છતાં ગોવિંદ બેસી રહ્યો. ગોપાલનું ધ્યાન જતાં જ તેણે કહ્યું, “ભાઈ, હાથ ધોઈ લો.”

ગોવિંદે કહ્યું, “કોઈ ઉતાવળ નથી. ક્યાં ગાયો દોહવા જવી છે?”

ગોપાલ ફરી જમવા લાગ્યો. સલીમ અને ગોપાલનું પૂરું થતાં ત્રણે સાથે ઊભા થયા. બેરેકના બાથરૂમ જઈ મોઢું ધોઈ, થાળીઓ ધોઈ પાછા આવ્યા. ત્રણે સલીમના બિસ્તર પાસે બેઠા હતા. કોઈની પાસે જાણે કંઈ વાત જ નહોતી! પણ ગોપાલને થતું હતું કે, કોઈ એને પૂછે. તો એને વાત કરવી હતી. પણ ગોવિંદ તો ગઈરાતથી જ ગુમસુમ હતો. ગોપાલને પોતાનો પ્રશ્ન હતો. કોઈની માનસિક સ્થિતિ જો સારી હતી, તો સલીમની હતી. કોઈ કશું બોલ્યુ નહીં. ગોપાલે કહ્યું, “મારે એક વાત કરવી છે.”

સલીમ અને ગોવિંદે તેની સામે જોયું. ગોપાલે વાતની શરૂઆત કરતાં કહ્યું, “આજે નિશીના પપ્પા મુલાકાતમાં આવ્યા હતા. આમ તો બધી નોર્મલ વાત થઈ; પણ જતી વખતે તેમણે મને કહ્યું કે, જેલ લાંબી ચાલી તો મારે વિચાર કરવો પડશે.”

ગોવિંદે સલીમ સામે જોતાં પૂછ્યું, “જેલ લાંબી ચાલી એટલે?”

ગોપાલે કહ્યું, “મને એ જ સમજાતું નથી. જેલ લાંબી ચાલી તો વિચાર કરવો પડશે. એનો શું અર્થ કરવો?”ગોવિંદ પાસે પણ એનો કોઈ જવાબ નહોતો. ગોપાલે સલીમ સામે જોયું. સલીમે કહ્યું, “દીકરીનો બાપ છે. આવું જ વિચારે.”ગોવિંદે કહ્યું, “દીકરીનો બાપ શું વિચારે?”સલીમે આંખો બંધ કરી અને પાછી ખોલતાં કહ્યું, “પોતાનો જમાઈ જેલમાં હોય અને દીકરી સાસરે એકલી હોય, તો એના બાપની સ્થિતિ શું હોઈ શકે? એની આપણને કલ્પના પણ નથી. કારણ, હજી આપણે દીકરીના બાપ થયા નથી. (ક્રમશ)

# જિલ્લા પોલીસે 1.78 કરોડના ફ્રોડમાં 12 શખ્સોની ધરપકડ

ગોંડલ, વિંછીયા, મેટોડા, ધોરાજી, જસદણ, જેતપુર, પડધરીમાં ગ્રામ્ય પોલીસના દરોડા

## કમિશન માટે બેંક ખાતાં ભાડે આપ્યા હતા : નાણા હેરાફેરીના ગુનામાં ફરાર પાંચની શોધખોળ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં સાયબર ક્રાઈમની પ્રવૃત્તિઓ અને નાણાકીય હેરાફેરી આચરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવા માટે "ઓપરેશન મ્યુલ હન્ટ-૨.૦" હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા વિસ્તારના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા એકાઉન્ટ હોલ્ડરોની સચોટ માહિતી એકઠી કરી તપાસ કરતા કુલ ૧૭ આરોપીઓની સંડોવણી બહાર આવી હતી, જેમાંથી ૧૨ શખસોની ધરપકડ કરી લેવામાં આવી છે.

રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્ય જિલ્લા એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ જિલ્લાના ઓપરેશનનો મુખ્ય હેતુ સાયબર ફ્રોડ માટે ભાડે આપેલા કે ગેરકાયદેસર રીતે ખોલાવેલા "મ્યુલ એકાઉન્ટ્સ" ને શોધી કાઢી



ગુનેગારોને પકડી લેવા ઓપરેશનની વ્યુહરચના અને આધુનિક તપાસની આ સમગ્ર સઘન કામગીરી વૈજ્ઞાનિક અને આધુનિક પદ્ધતિથી કરવામાં હતી આ મામલે જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં કુલ ૯ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. જેમાં વિંછીયા, ગોંડલ, મેટોડા જી.આઈ.ડી.સી., ધોરાજી શહેર, જસદણ, ગોંડલ તાલુકા અને પડધરી અને જેતપુર પોલીસમાં ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં આરોપીઓ કિંમશન મેળવીને પોતાના બેંક ખાતાઓ ઓનલાઈન છેતરપિંડીના નાણાં ટ્રાન્સફર કરવા ગુનાહિત ટોળકીઓને ભાડે આપતા હતા ૧.૭૮ કરોડથી વધુની હેરાફેરી કરતા હોવાનું તેમજ સમગ્ર ઓપરેશન દરમિયાન કુલ ૫૦ જેટલી અરજીઓ લિંક થયેલી મળી આવી હતી.

નાણાકીય હેરાફેરીમાં સંડોવણી બહાર આવતા પોલીસ દ્વારા બેંક ખાતાઓની ફ્રીઝિંગ પ્રક્રિયા અને રિકવરી માટે કાર્યવાહી કરી ૯ આરોપીઓ વિછિયાના સાગર ધીરૂભાઈ ઝાપડીયા, યોગેશ મુકેશભાઈ રાઠોડ, ગોંડલના સુલતાનશા રહેમાનશા શાહમદાર, મોસીન દાઉદ શાહમદાર, હુસેન ગફાર કાસમાણી, ભરત અરજણભાઈ રાવતાણી, મેટોડાના મિતલ ગોપાલભાઈ રૂપારેલીયા, જસદણના મહિપત વિરજીભાઈ પરમાર, પડધરીના સાગર બાલકૃષ્ણભાઈ દાણીધારીયા અને ધોરાજીના હિતેશ જમન સલાટ, સોહેલ સીદીક શેખ, શકીલ યુસુફ આગવાનની ધરપકડ કરી વધુ ચારને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# હલેન્ડા પાસે બે મહિલાનું ટ્રકની ઠોકરે મોત, એકને ઈજા

» લોઠડાથી બળધોઇ પગપાળા નીકળ્યા હતા, વિસામો ખાવા બેઠા ને કાળ ત્રાટક્યો

સિટી ન્યૂઝ@રાજકોટ


રાજકોટ નજીકના હલેન્ડા પાસે ગત વહેલી સવારે ટ્રકે પગપાળા માનતા ઉતારવા જતાં પરિવારમાં સામેલ બે મહિલાઓને હડફેટે લેતા બંનેના મોત નિપજ્યા હતા જયારે એક યુવાન ઘાયલ થયો હતો. આજી ડેમ પોલીસે ટ્રક ચાલકની અટકાયત કરી તપાસ હાથ ધરી છે. પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લોઠડા ગામે રહેતા ચંપાબેન ધનજીભાઈ કુકડીયાએ બળધોઈ ગામે સુરાપુરાના મંદિરે માનતા માની હતી. જે ઉતારવા માટે ચંપાબેન સાથે તેના પતિ ઉપરાંત ગોંડલ રહેતા બહેન કિરણબેન ધોરીયા, તેના પતિ શૈલેષભાઈ, મકનપર રહેતા ભાનુબેન ચીરોડીયા, તેના પતિ લક્ષ્મણભાઈ તેમના સંબંધી ભારતીબેન, તેના પતિ પ્રકાશભાઈએમ આઠ લોકો લોઠડાથી પગપાળા રવાના થયા હતા વહેલી સવારે પાંચેક વાગ્યે હલેન્ડા નજીક તમામ થાક ખાવા રોકાયા હતા. રોડની કિનારીએ અમુક નાસ્તો કરવા લાગ્યા હતા. આ વખતે રાજકોટથી ભાવનગર તરફ જતા ટ્રકે કિરણબેન, તેના પતિ શૈલેષભાઈ અને ભાનુબેનને હડફેટે લેતાં ત્રણેયને ૧૦૮માં સિવીલ હોસ્પિટલે ખસેડાયા હતા. જયાં ટૂંકી સારવાર બાદ કિરણબેન અને ભાનુબેને દમ તોડી દીધો હતો બનાવની જાણ થતા આજી ડેમ પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળ પર અને હોસ્પિટલ દોડી ગયો હતો. અકસ્માત સર્જનાર ટ્રક ચાલક આગળ જઈ ઉભો રહી ગયો હોય જેની પોલીસે અટકાયત કરી હતી.

# શિક્ષિકાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારી નાસી છૂટેલો વિદ્યાર્થી અઢી મહિને ઝડપાયો

» ભોગ બનનારના ફોટા–વિડીયો વાયરલ કરી વારાણસીમાં કર્યો હતો આપઘાતનો પ્રયાસ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં પોતાની જ ભૂતપૂર્વ શિક્ષિકાને લગ્ન તથા વિદેશમાં સ્થાયી થવાની લાલચ આપી અઢી વર્ષ સુધી શારીરિક શોષણ કર્યાનો આરોપ ધરાવતા અને બાદમાં દુષ્કર્મ પીડિતાના ફોટા ફરતા કરનાર દુષ્કર્મ સહિતના બે ગંભીર ગુનામાં વોન્ટેડ મવડી સંસ્કાર સિટીમાં રહેતો ધ્રુવલ પંકજભાઈ દેસાઈને ગાંધીગ્રામ પોલીસની સર્વેલન્સ સ્ક્વોડે ઝડપી પાડયો છે.પ્રાપ્ત વિગત અનુસાર, ધ્રુવલ દેસાઈ સામે ગાંધીગ્રામ પોલીસ મથકે નોંધાયેલા પ્રથમ ગુનામાં એક શિક્ષિકાએ આરોપ મૂક્યો હતો કે ધો.૧૦માં તેનો વિદ્યાર્થી રહેલો ધ્રુવલે ૧૨ વર્ષ બાદ સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્ક સાધ્યો હતો ત્યાર બાદ લગ્ન કરવાની તથા ઓસ્ટ્રેલિયા સ્થાયી થવાની લાલચ આપી



આરોપી ધ્રુવલ દેસાઈએ અનેક વખત શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ દરમિયાન ધંધામાં નુકસાન થયાનું કહી રોકડ રકમ, પીએફ અને સોનાના દાગીના વેચાવી કુલ ૭ લાખથી વધુની રકમ પણ મેળવી લીધી હતી. બાદમાં લગ્ન કરવાની ના પાડી દેતાં શિક્ષિકાએ તેની સામે દુષ્કર્મ સહિતનો ગુનો નોંધાવ્યો હતો.

આ ઉપરાંત આરોપી સામે અન્ય એક ગુનામાં યુવતીના અંગત ફોટો-વીડિયોનો દુરુપયોગ અને માહિતી પ્રૌદ્યોગિકી અધિનિયમ હેઠળની ગંભીર કલમો મુજબ પણ ગુનો નોંધાયેલ છે આ વિડીયો વાયરલ કર્યો ત્યારે તેને વારાણસીમાં આપઘાતનો પ્રયાસ કર્યો હતો બંને ગુનાઓ નોંધાયા બાદ ધ્રુવલ પોલીસ પકડથી દૂર હોય પીઆઇ એચ પી ગઢવીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડની ટીમે આરોપીની શોધખોળ કરી રહી હતી. દરમિયાન આરોપીનું જામકંડોરણાથી લોકેશન મળી આવતા તેની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

# SMCએ હલેન્ડા, ભરૂડી પાસેથી 2.14 કરોડનો દારૂ ઝડપી પાડ્યો

## 2.78 કરોડના મુદામાલ સાથે ડ્રાયવરની ધરપકડ : આઠ શખ્સો વોન્ટેડ જાહેર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજ્યભરમાં ધોંસ બોલાવતી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે શનિવારે અને રવિવારે રાજકોટ શહેર જિલ્લામાં બે દરોડા પાડી ૨.૧૪ કરોડનો દારૂ ઝડપી પાડ્યો છે ૨.૭૮ કરોડના મુદામાલ સાથે ડ્રાયવરની ધરપકડ કરી આઠ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

રાજ્યમાં દારૂની હેરાફેરી ઉપર ખાસ વોચ રાખવાની સૂચના અન્વયે પીએસઆઈ જે.એસ.સીસોદીયા અને ટીમને રાજકોટના હલેન્ડા ગામ નજીક એક દારૂ ભરેલ ટ્રક હોવાની મળેલ ચોકકસ બાતમી આધારે ટીમે શનિવારે હલેન્ડા ગામ પાસે આવેલ તુલસી હોટેલના પાર્કીંગમાં પડેલ ટ્રકમાંથી લીકવીડ ડીટરજન્ટ બેગની આડમાં છુપાવેલ દારૂની ૫૨૮૦ બોટલ ૬૩.૧૪ લાખ અને ટ્રક સહિત ૯૭.૧૬ લાખનો



મુદામાલ જપ્ત કર્યો હતો. જો કે દરોડા દરમ્યાન ટ્રક ચાલક, દારૂનો રીસીવર, ટ્રક માલિક સહિતના ચાર શખ્સોને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે આ ઉપરાંત એસએમસીના પીઆઈ આર. કે. કરમટા અને પીએસઆઈ વી. એન. જાડેજાએ ચોકકસ બાતમી આધારે રવિવારે રાજકોટ-જૂનાગઢ હાઈ-વે પર ભરૂડી ટોલ પ્લાઝા નજીકથી પસાર થયેલા ટ્રકને અટકાવી તલાશી લેતાં અંદરથી દારૂની ૧૧૫૪ પેટી એટલે કે ૪૧,૫૮૦ બોટલ મળી આવી હતી. જેની કિંમત ૧.૫૧ કરોડ ગણી, ટ્રક, મોબાઈલ ફોન, રોકડ વગેરે સાથે કુલ ૧.૮૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પોલીસે ટ્રક ચાલક રાજસ્થાનના ભુરારામ કાલુરામ સરન્ દારૂનો જથ્થો હરિયાણાથી લઈ આવી રહ્યાની કબુલાત આપી હતી. રાજસ્થાનના ખેમારામ રાવતારામ બેનીવાલે આ દારૂનો જથ્થો મોકલ્યો હતો આ ઉપરાંત ટ્રકના માલીક રામનિવાસ ઉર્ફે રામલાલ મુલતારામ અને તેના ભાઈ સુનિલને પણ એસએમસીએ આરોપી બનાવ્યો છે જો કે દારૂનો આ જંગી જથ્થો કોણે મંગાવ્યો હતો તે વિશે કોઈ ચોકકસ માહિતી એસએમસીને મળી નથી પરંતુ પ્લસ-૪૪ નંબરના મોબાઈલ ધારકે આ દારૂનો જથ્થો મંગાવ્યો હોય ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

**દોઢ વર્ષથી નોકરી કરતો ઓફિસબોય**

# જૈન દેરાસરમાંથી 43.29 લાખની ચોરી કરી છું

### વર્ધમાનનગરમાં બનેલો બનાવ : રાજસ્થાની શખસ સામે ટ્રસ્ટીએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના વર્ધમાનનગર ખાતે આવેલ દેરાસરમાં છેલ્લા દોઢ વર્ષથી ઓફિસ બોય તરીકે નોકરી કરતા રાજસ્થાની શખસે દેરાસરમાંથી ચાંદી અને રોકડ સહિત રૂ.૪૩.૨૯ લાખની ચોરી કરી નાશી જતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી અલગ અલગ ટીમો બનાવી આરોપીને ઝડપી લેવા દોડધામ કરી છે.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સોરઠિ રોડ ઉપર રહેતા અને વર્ધમાનનગર ખાતે આવેલ જૈન દેરાસરમાં રહેતા ટ્રસ્ટ ચલાવતા હેંમતભાઇ ઇન્દુલાલ શાહે ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે રાજસ્થાનના ચીતોડગઢ જિલ્લામાં રહેતો અને છેલ્લા દોઢ વર્ષથી દેરાસરમાં ઓફિસ બોય તરીકે નોકરી કરતો તશુ ભગવતીપ્રસાદ આમેટા નામના શખસનું નામ આપ્યું હતું ફરિયાદમાં જણાવ્યું હતુ કે, જૈન દેરાસરમાં કુલ સાત ટ્રસ્ટીઓ હોય અને દર ત્રણ માસે દેરાસરમાં આવેલા દાનનું હિસાબ કરીએ છીએ જે હિસાબમાં કબાટમાં રાખેલ ૩૫.૨૯ લાખની કિંમતની ૧૩.૮૪૦ કિ.ગ્રા. ચાંદી અને આઠ લાખ રૂપિયાની રોકડ ગુમ હોય જે અંગે તપાસ કરતા છેલ્લા દોઢેક વર્ષથી ઓફિસ બોયનું કામ કરતો તશું આમેટા સિસિટિવિ ફુટેજમાં શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો અને તે પુજારીનું કામ કરતા હરેશભાઈ ગોપીભાઈ આમેટાની ભલામણથી ઓફિસ બોય તરીકે કામે રાખ્યો હોય અને છેલ્લા એક અઠવાડિયાથી વતનમાં જવાનું કહીં ગયો હતો અને પરત આવેલ ન હોય અને ફોન પણ બંધ કરી દીધો હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે.

---

# યુવરાજનગરના યુવકની રાંદરડા તળાવમાંથી શંકાસ્પદ લાશ મળી

» પત્ની અને સાસુ સામે હત્યાનો આક્ષેપ : પોલીસની સમજાવટથી મૃતદેહ સ્વીકાર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં સામાકાઠા વિસ્તારમાં યુવરાજનગરમાં રહેતા યુવકની રાંદરડા તળાવમાંથી લાશ મળી આવતા તેના પરીવારે યુવકની તેની પત્ની અને સાસુએ હત્યા કરાવી હોવાના આક્ષેપ સાથે આરોપીઓની ધરપકડ ન થાય તો પરીવાર સાથે આત્મવિલોપન કરવાની અને લાશ સ્વીકારવાનો ઈન્કાર કરતા પોલીસે મૃતદેહનુ ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરાવી સમજાવટ કરતા પરીવારે લાશ સ્વીકારી હતી. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ યુવરાજનગરમાં રહેતો વિપુલ ભરતભાઈ રાઠોડ શનીવારે સવારે ઘેરથી નિકળ્યા બાદ પરત નહી આવતા તેના પરિવારે શોધખોળ શરુ કરી હતી દરમ્યાન રવિવારે સવારે રાંદરડા તળાવમાંથી યુવકની લાશ મળી આવતા આજી ડેમ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી યુવકની માતા રંજનબેન ભરતભાઈ રાઠોડએ જણાવ્યુ હતુ કે તેનો પુત્ર ઘરેથી નિકળ્યો હતો ત્યારે એક રિક્ષામાં તેના પુત્રનુ અપહરણ કરી મારકુટ કરી હત્યા કરી લાશ તળાવમાં ફેંકી દિધી હતી અને આ હત્યામાં તેના પુત્ર વિપુલની પત્ની છેલ્લા દોઢ વર્ષથી રીસામણે હોય તેને અને તેની સાસુએ કાવતરૂ રચી પુત્રને પતાવી દિધો હોવાનો આક્ષેપ કર્યો હતો સાથોસાથ લાશ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો બાદમાં પોલીસની સમજાવટથી લાશ સ્વીકારી હતી. પોલીસે સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી છે તેમજ ફોરેન્સીક રીપોર્ટ બાદ વધુ તપાસ હાથ ધરી છે.

# ચોમાસુ ખેંચાય તો પણ રાજકોટમાં પાણીના ધાંધિયા થવા ન જોઈએ

## નવા પદાધિકારીઓની ધારાસભ્યોની હાજરીમાં પ્રથમ રિવ્યુ મીટિંગ યોજાઈ




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને વધુ સારી અને સમયબદ્ધ નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. નેહલ શુક્લના અધ્યક્ષ સ્થાને, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ તેમજ ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, શાસક પક્ષના નેતા ડો.હિરેનભાઈ ખીમાણિયા તથા શાસક પક્ષના દંડક સંજયસિંહ રાણા દ્વારા શહેરના તમામ કોર્પોરેટરો સાથે તમામ સિટી એન્જિનિયરો સહિતના ટેકનિકલ સ્ટાફની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. વરસાદ ખેંચાય તો પણ પાણી વિતરણમાં ધાંધીયા ન થાય તેવું આગોતરૂ આયોજન કરવા અધિકારીઓને સુચના અપાઈ હતી.બેઠક દરમિયાન શહેરમાં પીવાના પાણીના વિતરણ વ્યવસ્થા તેમજ ઘર આંગણેના ડેમની સ્થિતિ વિશે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. દરેક વોર્ડમાં શહેરીજનોને નિયમિત અને પૂરતા દબાણ સાથે દરરોજ ૨૦ મિનિટ સુધી પાણીનું વિતરણ સુનિશ્ચિત થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી આયોજન કરવા અને સતત મોનિટરિંગ રાખવા સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત શહેરીજનોને ચોખ્ખું પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે માટે પાણી પુરવઠા વ્યવસ્થાની નિયમિત તપાસ, પાઈપલાઈન મેઈન્ટેનન્સ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા અને વોર્ડ વિસ્તારમાં પાણી વિતરણમાં જરૂરી તકેદારી રાખવા અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. પાણીની ગુણવત્તા સંબંધિત કોઈ પણ પ્રકારની ફરિયાદોને તાત્કાલિક ધોરણે નિવારવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી. બેઠકમાં ઉપસ્થિત કોર્પોરેટરઓએ પોતાના વોર્ડની પાણી પુરવઠા વિષયક જરૂરિયાતો અંગે શહેરીજનોની રજૂઆતો સહિત સૂચનો રજૂ કર્યા હતા. આ સૂચનોને ધ્યાનમાં રાખીને સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી કરવા અને વિવિધ સેવાઓમાં વધુ સુધારો લાવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને વધુ ગુણવત્તાસભર, પારદર્શક અને કાર્યક્ષમ નાગરિક સેવાઓ પૂરી પાડવા માટે પદાધિકારીઓ દ્વારા સમયાંતરે આ પ્રકારે સમીક્ષા બેઠકો યોજી વિવિધ વિકાસલક્ષી અને જાહેર સુવિધાઓ સંબંધિત કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવશે, જેથી શહેરના સર્વાંગી વિકાસ સાથે નાગરિકોને શ્રેષ્ઠ સુવિધાઓ મળી રહે, તેમ અંતમાં જણાવાયું છે.

## નવા બ્રીજના ઉદઘાટન–સમિતિઓની રચના અંગે ચર્ચા?


# રાજ્યભરની મહાનગરપાલિકાના પદાધિકારીઓ ફરી ગાંધીનગરમાં

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સુશાસન પર્વની ઉજવણી સ્વચ્છતા અભિયાન સાથે સતત કરવાની છે ત્યારે આજે રાજકોટ સહિતની મહાપાલિકાના મુખ્ય પદાધિકારીઓ ફરી ગાંધીનગર પહોંચ્યા છે. તેઓ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખને મળશે.આજે તમામ પદાધિકારીઓને નવા આયોજનો અંગે માર્ગદર્શન આપવા બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.રાજકોટથી મેયર ડો.નેહલ શુકલ, સ્ટે.ચેરમેન પરેશ પીપળીયા સહિતની ટીમ ગાંધીનગર ગઇ છે. તો પ્રજાના જે સીધી અપેક્ષા છે એ સાંઢીયા પુલની જગ્યાએ નવા બનેલા ફોરલેન બ્રીજના ઉદઘાટનની તારીખ પણ આજે પદાધિકારીઓ હર્ષભાઇ સંઘવી પાસેથી મેળવવા ધ્યાને દોરે તેવી શકયતા છે. બીજી તરફ મનપામાં હજુ ૧૫ પેટા સમિતિની રચના પણ બાકી છે. નવા ચૂંટાયેલા કોર્પોરેટરો આ નિમણુંકોની રાહ જોઇ રહ્યા છે. પરંતુ પાર્ટીએ પૂરા રાજય માટે આ કાર્યવાહી બાકી રાખી છે. હવે પ્રદેશ સ્તરેથી જ આ રચના ફાઇનલ થાય તેવા ફેરફારો થઇ ગયા છે.આથી જનરલ બોર્ડની સંભવિત તારીખ પણ પદાધિકારીઓ રાજકોટ પરત ફરે તે બાદ નકકી થશે. હાલ પ્રજામાં નવા બ્રીજના ઉદઘાટન અને ભાજપમાં નવી સમિતિઓની રચના માટે ઇન્તેજાર છે. તો સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન માટે વિવિધ કાર્યક્રમો ઘડવામાં આવી રહ્યા છે.

# રસોઈ ગેસ (LPG)ના ભાવ વધારાથી ગૃહિણીઓમાં રોષ






## જિલ્લા નારી સુરક્ષા સમિતિએ મોંઘવારી મુદ્દે સરકાર સામે ઉઠાવ્યા સવાલ, ગેસ સિલિન્ડર પહોંચ્યો 943

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સ્થિત જિલ્લા નારી સુરક્ષા સમિતિએ રસોઈ ગેસ (LPG) સિલિન્ડરના ભાવમાં થયેલા તાજેતરના વધારાને લઈને ચિંતા વ્યક્ત કરી છે. સમિતિના જણાવ્યા મુજબ કાળઝાળ મોંઘવારી વચ્ચે ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં ફરી વધારો થતાં સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોનું બજેટ વધુ ખોરવાયું છે.

જિલ્લા નારી સુરક્ષા સમિતિ (રાજકોટ)ના હેમાબેન કક્કડ, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, રજનીબેન આસવાણી, સરલાબેન પાટડીયા, કૈલાશબેન વાઘેલા, પ્રફુલાબેન ચૌહાણ, જશુબા વાંક અને પદ્માબા ચૌહાણ દ્વારા સંયુક્ત અખબારી યાદી જાહેર કરીને જણાવાયું હતું કે સરકારી તેલ કંપનીઓએ ૭ જૂન, ૨૦૨૬ના રોજ ઘરેલુ LPG સિલિન્ડરની કિંમતમાં ૨૯નો વધારો કર્યો છે. ત્રણ મહિનામાં આ બીજી વખતનો ભાવવધારો છે.

સમિતિએ રજૂ કરેલા આંકડા મુજબ સપ્ટેમ્બર ૨૦૨૦ દરમિયાન ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત ૫૯૪થી ૬૫૦ વચ્ચે હતી. માર્ચ ૨૦૨૪માં ભાવ ૮૦૩ થયો હતો. ત્યારબાદ એપ્રિલ ૨૦૨૫માં ૫૦ના વધારા સાથે ભાવ ૮૫૩ થયો, ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ ૬૦ વધીને ૯૧૩ થયો અને ૭ જૂન, ૨૦૨૬ના રોજ વધુ ૨૯ના વધારા સાથે ભાવ ૯૪૨થી ૯૪૩ સુધી પહોંચ્યો છે.

સમિતિના જણાવ્યા મુજબ છેલ્લા ૫ વર્ષમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં અંદાજે ૩૫૦નો વધારો નોંધાયો છે, જેના કારણે ગૃહિણીઓ અને મધ્યમવર્ગીય પરિવારો પર આર્થિક બોજ વધ્યો છે.

જિલ્લા નારી સુરક્ષા સમિતિએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા જીએસટીમાં ઘટાડા અને કેટલીક વસ્તુઓ પર રાહતની જાહેરાતો કરવામાં આવી હોવા છતાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં કોઈ નોંધપાત્ર ઘટાડો જોવા મળતો નથી. તેના બદલે સતત ભાવવધારો થઈ રહ્યો હોવાનું સમિતિએ જણાવ્યું હતું.

જિલ્લા નારી સુરક્ષા સમિતિએ જણાવ્યું હતું કે રસોડાથી જોડાયેલી અને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના સતત વધતા ભાવના કારણે મહિલાઓ અને ગૃહિણીઓમાં અસંતોષ વધી રહ્યો છે. સમિતિના મતે જો મોંઘવારી પર નિયંત્રણ માટે અસરકારક પગલાં લેવામાં નહીં આવે તો તેની અસર આગામી રાજકીય પરિસ્થિતિમાં પણ જોવા મળી શકે છે.

સમિતિએ અંતમાં કેન્દ્ર સરકારને વધતી મોંઘવારી અને ગેસના ભાવવધારા અંગે તાત્કાલિક રાહતના પગલાં ભરવા અપીલ કરી છે.

# અમિત ખૂંટ આપઘાત કેસની આરોપીના મોત બાદ અકસ્માત અંગે નોંધાતો ગુનો

## રાજકટોમાં રહેતા કારમાલિકે સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવી ફરિયાદ

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલના શ્રીનાથગઢ રોડ પર ગત શુક્રવારે બપોરે અકસ્માત સર્જાયો હતો.જેમા પૂજા રાજગોર નામની યુવતીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે ૫ વર્ષની માસૂમ બાળકી સહિત ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા આ અંગે સુલ્તાનપુર પોલીસ મથકમાં કાર ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.રાજકોટના મવડી ચોકડી પાસે રહેતા અને ડ્રાઈવિંગ વ્યવસાય સાથે સંકળાયેલા મોહિતભાઈ કિશોરભાઈ ગોહેલે સુલ્તાનપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમના પત્ની નિરાલી, દીકરી ત્રીષા, પત્નીની બહેનપણી પૂજા રાજગોર, પત્નીનો માનેલો ભાઈ સચીન ઉર્ફે લાલો અને તેનો મિત્ર સંજય જાખેલીયા સ્કોડા કાર લઈને ભગુડા માતાજીના દર્શન કરવા ગયા હતા આ દરમિયાન મોહિતભાઈ ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોઈ રહ્યા હતા ત્યારે અચાનક ગોંડલના શ્રીનાથગઢ નજીક થયેલા એક અકસ્માતની રીલ સામે આવી હતી જેમાં તેમની જ સ્કોડા ગાડી અકસ્માતગ્રસ્ત જોવા મળી હતી અને પૂજા રાજગોરનું મોત થયું હોવાનો ઉલ્લેખ હતો. તેમણે તુરંત હોસ્પિટલ દોડી જઈ તપાસ કરતા બપોરના આશરે ૧૨૩૦ વાગ્યાની આસપાસ શ્રીનાથગઢથી ગોંડલ રોડ પર આ અકસ્માત સર્જાયો હતો. કાર ચાલક સચીન ઉર્ફે લાલાભાઈ વઢીયાએ કાર ફૂલ સ્પીડે ચલાવીને સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર સીધી લીમડાના ઝાડમાં અથડાઈ હતી આ અકસ્માતમાં પૂજાબેન રાજગોરને માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું ફરિયાદીના પત્ની નિરાલીબેનને માથામાં નાના-મોટા ૮ હેમરેજ અને જડબામાં ફ્રેક્ચર થતાં રાજકોટ ખનગી હોસ્પિટલ માં દાખલ કરાયા હતા.

૫ વર્ષની દીકરી ત્રીષાને દાઢીના ભાગે તથા બંને પગમાં ફ્રેક્ચર હોવાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સંજયભાઈ જાખેલીયાને છાતી અને શરીરે મૂઢ ઈજાઓ થઈ હતી, જ્યારે કાર ચાલક સચીન ઉર્ફે લાલાને કમરના ભાગે ગંભીર ઈજા થઈ હતી આ સમગ્ર મામલે સુલ્તાનપુર પોલીસે મોહિતભાઈ ગોહેલની ફરિયાદ આધારે કાર ચાલક સચીન ઉર્ફે લાલા સંજયભાઈ વઢીયા વિરૂદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૮૧, ૧૨૫ એ અને બી, ૧૦૬(૧) તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



# ભારતમાં જન્મ લેનાર પ્રત્યેક વ્યક્તિ હિન્દુ છે : બાગેશ્વર

## રાજકોટમાં હનુમંત કથાના ૩જા દિવસે દિવ્ય દરબારમાં ભક્તોના પ્રશ્નો ઉકેલાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્ર સનાતન સમિતિ દ્વારા આયોજિત ભવ્ય 'સનાતન સેતુ હનુમંત કથા' ના ૩જા દિવસે રાજકોટના કથા મંડપમાં એક અલૌકિક અને ભક્તિમય માહોલ સર્જાયો હતો. લાખો ભક્તોની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે રવિવારે ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી (બાબા બાગેશ્વર) દ્વારા 'દિવ્ય દરબાર' ભરવામાં આવ્યો હતો. આ દરબારમાં બાબાએ પોતાની આગવી શૈલીમાં દૂર-દૂરથી આવેલા ભાવિકોની જટિલ સમસ્યાઓ, પારિવારિક કંકાસ, આર્થિક સંકડામણ અને વર્ષો જૂની ગંભીર બીમારીઓનું સમાધાન કરીને ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા. દિવ્ય દરબારની આ ક્ષણો દરમિયાન એક અત્યંત જરૂરિયાતમંદ અને મજૂરીકામ કરતી મહિલાને બાબા બાગેશ્વરે મંચ પરથી રોકડ મદદ કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

દિવ્ય દરબારની શરૂઆત થતાં જ બાબા બાગેશ્વરે હનુમંત ચરણોમાં ધ્યાન ધરીને લાલ કલમથી અગાઉથી જ કાગળ (પરચો) લખવાનું શરૂ કર્યું હતું. દરબારમાં કોઈ વ્યક્તિ આગળ આવે તે પહેલાં જ બાબાએ તેના મનમાં ચાલતી મૂંઝવણો કાગળ પર ઉતારી દીધી હતી. અનુયાયીઓની સમસ્યાઓનું સમાધાન કર્યા બાદ બાબાએ ભાવુક થઈને ગર્જના કરતા જણાવ્યું હતું કે, "હું કોઈ ભગવાન કે ચમત્કારી પુરુષ નથી, હું તો માત્ર બાગેશ્વર ધામના બાલાજીનો ૧ સામાન્ય સેવક છું. તમારી અતૂટ શ્રદ્ધા અને હનુમાનજીની અસીમ કૃપા જ તમારી પીડાઓ હરી રહી છે."

તેમણે સભામાં સ્પષ્ટ સંદેશ આપતા જણાવ્યું હતું કે, "ભારતમાં જન્મ લેનાર પ્રત્યેક વ્યક્તિ હિન્દુ છે." વધુમાં તેમણે ભક્તોને વ્યક્તિ પૂજાને બદલે સંસ્થા સાથે જોડાવા આગ્રહપૂર્વક અપીલ કરતા કહ્યું હતું કે, "વ્યક્તિના ચક્કરમાં પડવાને બદલે આશ્રમની સેવાના ચક્કરમાં પડવું જોઈએ. આજથી તમારી સમસ્યા તમારી નથી, પરંતુ તે અમારા આશ્રમની છે." આ વાક્ય સાંભળીને ઉપસ્થિત હજારો ભક્તોએ જયશ્રી રામના નારા સાથે ગગનભેદી પ્રતિભાવ આપ્યો હતો.

### સ્વચ્છ રાજકોટ ટીમની અમૂલ્ય સેવા

આ ૩ દિવસીય કથા દરમિયાન 'સ્વચ્છ રાજકોટ ટીમ' દ્વારા મેદાનને સ્વચ્છ રાખવાની નિશુલ્ક અને અમૂલ્ય સેવા પૂરી પાડવામાં આવી હતી. સ્વયંસેવકોએ ભીનો અને સૂકો કચરો અલગ-અલગ રાખવા અને કચરો હંમેશા ડસ્ટબિનમાં જ નાખવા લોકોને પ્રેરિત કર્યા હતા. તેમણે જળ, જમીન અને પર્યાવરણનું જતન એ આપણી સામૂહિક જવાબદારી છે તેવો સંદેશ આપીને, આવનારી પેઢી માટે સસ્ટેનેબલ લિવિંગ અપનાવવા તથા પ્રાકૃતિક સંસાધનોના યોગ્ય વપરાશ પર ભાર મૂક્યો હતો. રાજકોટને સ્વચ્છ અને હરિયાળું રાખવું એ દરેક જવાબદાર નાગરિકની નૈતિક ફરજ હોવાનું તેમણે જણાવ્યું હતું.

### લોક ડાયરો અને આભાર દર્શન

દિવ્ય દરબારની શરૂઆતમાં લોક સાહિત્યકાર દેવ ભટ્ટ અને સિંગર ટીમ સાથે બીરજુ બારોટ દ્વારા શાનદાર લોક ડાયરાની જમાવટ કરવામાં આવી હતી, જેણે ભક્તોને ભક્તિરસમાં તરબોળ કરી દીધા હતા. કાર્યક્રમના અંતે મુખ્ય આયોજક સમિતિના મંગેશ દેસાઈ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. તેમણે આયોજનને સફળ બનાવવા બદલ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, કલેક્ટર ઓફિસ, પોલીસ ડિપાર્ટમેન્ટ, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ, મહિલા મંડળો અને હિન્દુ પ્રેમી જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# બાગેશ્વર ધામ મુદ્દે તુષિત પાણેરીનો તીખો પ્રહાર શિક્ષિત સમાજના વલણ પર પણ વ્યક્ત કરી ચિંતા

સિટી ન્યૂઝ@રાજકોટ

તુષિત પાણેરીએ બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી અને તેમની પ્રવૃત્તિઓ અંગે કટુ પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે અત્યાર સુધી તેમણે ખુલ્લેઆમ વિરોધ કર્યો ન હતો, પરંતુ જે બાબતોને તેઓ "ધતિંગ" ગણાવે છે તેની ટીકા સતત કરતા રહ્યા હતા. જોકે હવે તેઓએ આવી ટીકા કરવાનું પણ બંધ કરવાનો નિર્ણય વ્યક્ત કર્યો છે.

પાણેરીએ પોતાના નિવેદનમાં જણાવ્યું કે AI અને આધુનિક ટેક્નોલોજીના યુગમાં પણ જો શિક્ષિત અને સભ્ય સમાજના લોકો આવી પ્રવૃત્તિઓને જાહેરમાં સ્વીકારતા હોય,



તો તેના માટે અન્ય કોઈને જવાબદાર ઠેરવી શકાય નહીં. તેમના મતે સમગ્ર ઘટનાક્રમ હવે મનોરંજનના સ્વરૂપમાં બદલાતો જોવા મળી રહ્યો છે.

તેમણે વ્યંગાત્મક અંદાજમાં કહ્યું કે આવી પ્રવૃત્તિઓના આધારે કદાચ અમેરિકા, બ્રિટન, રશિયા, કેનેડા, ચાઇના અને જાપાન જેવા આર્થિક રીતે સશક્ત દેશો તરફથી ભારતને વૈશ્વિક સ્તરે "વિશ્વગુરુ"નો સત્તાવાર ખિતાબ પણ મળી શકે. તેમના આ નિવેદનને વર્તમાન સામાજિક અને ધાર્મિક પ્રવાહો સામેની ટીકા તરીકે જોવામાં આવી રહ્યું છે.

તુષિત પાણેરીએ વધુમાં આક્ષેપ કર્યો કે સત્તા હાંસલ કરવાની રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ માટે કરોડો સભ્ય અને શિક્ષિત હિન્દુઓને અનાવશ્યક જોખમમાં મૂકવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે જણાવ્યું કે જો સમાજના કેટલાક વર્ગોને આવી સ્થિતિ સ્વીકાર્ય હોય તો તેઓ પોતાના માર્ગે આગળ વધી શકે છે, પરંતુ આ મુદ્દાઓ પર પ્રશ્નો ઉઠાવવાનો અધિકાર દરેક નાગરિકને છે.

નિવેદનના અંતમાં પાણેરીએ જણાવ્યું કે વર્તમાન પરિસ્થિતિને જોઈ અને સમજીને જે વ્યક્તિ મૌન રહે છે, તેને જ અત્યારે સમજદાર ગણાવી શકાય. તેમના આ નિવેદનથી ધાર્મિક અને સામાજિક મુદ્દાઓને લઈને ચાલી રહેલી ચર્ચામાં વધુ એક તીવ્ર અભિપ્રાય ઉમેરાયો છે.

# મુકેશ પાબારીના સહયોગથી કળમોદરમાં નવો ચેકડેમ બનશે

## ખેડૂતો અને પશુ–પંખીઓ માટે ઉનાળામાં આશીર્વાદરૂપ સાબિત થશે

સિટી ન્યૂઝ@રાજકોટ

૧,૧૧,૧૧૧ જળ સ્ટ્રકચરોના નિર્માણના સંકલ્પને વરેલી સંસ્થા ગિરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રના જળસંકટ નિવારવાના ઉમદા હેતુ સાથે વધુ ૧ પ્રશંસનીય કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કળમોદર ગામે ગિરગંગા દ્વારા ૧ નવા ચેકડેમનું નિર્માણ કાર્ય વિધિવત રીતે શરૂ કરવામાં આવ્યું છે.

કળમોદર ગામે આકાર લઈ રહેલા આ ચેકડેમના નિર્માણ માટે રાજકોટના જાણીતા દાતા, સફળ ઉદ્યોગપતિ અને પરોપકારી વ્યક્તિત્વ ધરાવતા મુકેશ પાબારી તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. તેમના આ અમૂલ્ય અને ઉદાર સહયોગથી ગ્રામ્ય વિસ્તારમાં પાણીની વિકટ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા તરફ ૧ મજબૂત પગલું ભરવામાં આવ્યું છે.આ ચેકડેમનું કાર્ય પૂર્ણ થતાં જ આગામી ચોમાસા દરમિયાન લાખો લીટર પાણીનો સંગ્રહ કરી શકાશે. જેના કારણે આજુબાજુના સમગ્ર વિસ્તારના ભૂગર્ભ જળના સ્તર નોંધપાત્ર રીતે ઊંચા આવશે. આ વિશાળ ચેકડેમ કળમોદર ગામ અને તેની આસપાસના વિસ્તારના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ ઉપરાંત, ઉનાળાની ઋતુમાં પશુ-પંખીઓ માટે પણ પીવાના પાણીની ઉત્તમ વ્યવસ્થા ઊભી થશે.

ચેકડેમના નિર્માણ કાર્યના શુભારંભ પ્રસંગે ગામના સરપંચ પ્રતાપ કામળીયા, ઉપસરપંચ દીપુ કામળીયા તેમજ આગેવાનો અનુ કામળીયા, દામુ કામળીયા અને સનાતન ગૌનગરીના ઓમરામબાપુ સહિતના સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનો ઉત્સાહભેર હાજર રહ્યા હતા. ગ્રામજનોએ આ ભગીરથ કાર્ય બદલ દાતા મુકેશ પાબારી અને ગિરગંગા પરિવાર ટ્રસ્ટનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# કારચાલકે ઠોકર માર્તા દીવાલ વચ્ચે દબાઈ જતા પ્રૌઢનું મોત

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ભાવનગર હાઈવે પર ત્રંબા પાસે પુરપાટ ઝડપે આવતી કારના ચાલકે પ્રૌઢને પાછળથી ઠોકરે લઈ ઢસડતા અને પ્રૌઢ દિવાલ વચ્ચે દબાઈ જતા પ્રૌઢનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા આજીડેમ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ત્રંબા ગામે રહેતા કનૈયાલાલ દામજીભાઈ બારસીયા હાઈવે નજીક રોડની સાઈડમાં પગપાળા જઈ રહ્યા હતા. આ દરમિયાન ભાવનગર તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક કિયા કારના ચાલકે વળાંક પર અચાનક જ સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. બેફામ બનેલી કારે કનૈયાલાલને પાછળથી જોરદાર ટક્કર મારતા કનૈયાલા કાર અને દીવાલ વચ્ચે ચગદાઈ ગયા હતા. ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ આજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# યુવા ઉદ્યોગપતિ અને 'એપેક્સ ઝીપર'ના ઓનર કેયુરભાઈ સંતોકીનો જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ઉદ્યોગ જગતમાં પોતાની આગવી ઓળખ બનાવનાર 'એપેક્સ ઝીપર'ના સ્થાપક કેયુર સંતોકીનો આજે ૩૫મો જન્મદિવસ છે. પોતાની મહેનત અને વ્યવસાયિક વ્યૂહરચના દ્વારા ઉદ્યોગ ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહેલા સંતોકી આજે ૩૪ વર્ષ પૂર્ણ કરી ૩૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.સફળ ઉદ્યોગપતિ હોવાની સાથે તેમનો વિનમ્ર સ્વભાવ તેમને લોકપ્રિય બનાવે છે. જન્મદિવસના આ અવસરે મિત્ર વર્તુળ, પરિવારજનો અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ તરફથી તેમને ઉત્તરોત્તર પ્રગતિ અને દીર્ઘાયુની શુભેચ્છાઓ મળી રહી છે. સિટી ન્યૂઝ પરિવાર પણ તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવે છે.





# અંબિકા ટ્રસ્ટ દ્વારા રાહત દરે ચોપડા-સ્ટેશનરીનું વિતરણ

» ગરમીથી રાહત આપવા શરબત અને પાણીની વિશેષ વ્યવસ્થા કરાઈ
» ભાજપ અને રઘુવંશી સમાજના આગેવાનોના હસ્તે વિતરણ કરાયું

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં શૈક્ષણિક સત્રની શરૂઆત થતાં જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક રાહત પૂરી પાડવાના ઉમદા હેતુથી શ્રી અંબિકા ટ્રસ્ટ, કરણપરા ગરબી ચોક દ્વારા એક પ્રશંસનીય આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા સમાજના જરૂરિયાતવાળા પરિવારોને રાહતભાવે ફુલસ્કેપ ચોપડા તેમજ સારી સ્ટાન્ડર્ડ કંપનીની સ્ટેશનરી MRP થી ૨૦ ટકા ડિસ્કાઉન્ટમાં આપવામાં આવી હતી.

શ્રી અંબિકા ટ્રસ્ટના આ સેવાકાર્યનો અંદાજિત ૩૫૦૦ કુટુંબોએ લાભ લીધો હતો. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લાભાર્થીઓને અને આવનાર દરેક વ્યક્તિને રાહત મળે તે માટે ટ્રસ્ટ દ્વારા શરબત તથા ઠંડા પાણીની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભાજપના આગેવાન વિશાલ, દીપક, જગદીશ જાદવ, રાજેન્દ્રસિંહ જાડેજા, રાજુ જોષી, હરેશ સોલંકી, હેમ ચૌહાણ, નારણ ડાભી, મયુરસિંહ હેરમા, પ્રવીણ ચાવડા, અનિલ લિંબડ અને રસીક મોરધરા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રઘુવંશી સમાજના અગ્રણી જગદીશ કોટેચા, મયંક પાઉં, પ્રિતેશ પોપટ, ભુપત પોબારું, જનુ પુજારા તેમજ રઘુવંશી યુવા શક્તિ સંઘના ધવલ કાછેલા, વિશાલ કોટક અને રામ લાલચેતાના હસ્તે ચોપડા અને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શ્રી અંબિકા ટ્રસ્ટ પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# 2 ઓગસ્ટથી આધુનિક એલએચબી રેક સાથે ચાલશે ઓખા-શાલીમાર એક્સપ્રેસ

» મુસાફરોને મળશે વધુ સુરક્ષિત, આરામદાયક અને આધુનિક પ્રવાસનો અનુભવ

સિટી ન્યૂઝ@રાજકોટ

મુસાફરોને વધુ સુરક્ષિત, આરામદાયક અને આધુનિક મુસાફરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં રેલવે દ્વારા એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. રેલવે પ્રશાસને ઓખા-શાલીમાર તથા શાલીમાર-ઓખા એક્સપ્રેસ ટ્રેનોમાં પરંપરાગત આઈસીએફ (ICF) રેકના સ્થાને આધુનિક એલએચબી (LHB : લિંક હોફમેન બુશ) રેક લગાવવાનો નિર્ણય કર્યો છે. એલએચબી કોચ વધુ સુરક્ષા, ઓછા આંચકા તથા ઊંચી ઝડપે વધુ સ્થિરતા માટે જાણીતા છે, જેના કારણે મુસાફરોને વધુ સરળ અને આરામદાયક પ્રવાસનો અનુભવ મળશે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૨૨૯૦૫/૨૨૯૦૬ ઓખા-શાલીમાર એક્સપ્રેસ (સાપ્તાહિક) ઓખાથી ૨ ઓગસ્ટ, ૨૦૨૬થી તથા શાલીમારથી ૪ ઓગસ્ટ, ૨૦૨૬થી એલએચબી રેક સાથે ચલાવવામાં આવશે.

આ ટ્રેનમાં કુલ ૨૨ કોચ હશે, જેમાં ૧ ફર્સ્ટ એસી, ૨ સેકન્ડ એસી, ૬ થર્ડ એસી, ૬ સ્લીપર ક્લાસ, ૧ પેન્ટ્રી કાર, ૪ જનરલ કોચ, ૧ લગેજ વેન તથા ૧ જનરેટર વેનનો સમાવેશ થશે.



# ગ્રાહક સુરક્ષા અને બે વેપારી એસોસિએશનના પદાધિકારીઓએ મેયર નેહલ શુક્લનિ મુલાકાત લીધી



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત મેયર ડો. નેહલ શુક્લની ગ્રાહક સુરક્ષા સંગઠન અને અન્ય વેપારી સંગઠનોના પદાધિકારીઓએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. ગ્રાહક સુરક્ષા સંગઠન રાજકોટના પ્રમુખ પ્રનંદ કલ્યાણીના નેતૃત્વમાં, ધર્મેન્દ્ર રોડ વેપારી એસોસિએશન અને રાજકોટ ક્લોથ મર્ચન્ટ એસોસિએશનના આગેવાનોએ મેયરને પુષ્પગુચ્છ અને કેસરી ખેસ ઓઢાડીને સન્માનિત કર્યા હતા અને રાજકોટના વિકાસમાં તેમના સવિશેષ યોગદાનની અપેક્ષા વ્યક્ત કરી હતી.

આ બેઠક દરમિયાન ગ્રાહક સુરક્ષા સંગઠન રાજકોટ સિટી દ્વારા ચલાવવામાં આવતી વિવિધ ઝુંબેશો અને સામાજિક કાર્યો અંગે ધર્મેશ જીવાણી અને પ્રનંદ કલ્યાણીએ રજૂઆત કરી હતી. જેમાં ખાસ કરીને ગ્રાહક જાગૃતિ, સાયબર અવેરનેસ અને ફૂડમાં થતી ભેળસેળ રોકવાની કામગીરી અંગે માહિતી અપાઈ હતી. આ રજૂઆતથી પ્રભાવિત થઈને મેયર ડો. નેહલ શુક્લએ સંસ્થાઓને જણાવ્યું હતું કે, કાયદાના દાયરામાં રહીને તેઓ આ કાર્યોમાં ચોક્કસ સપોર્ટ કરશે.

આ મુલાકાત દરમિયાન મેયરના પિતા ચીમન શુક્લ અને ભાઈ કશ્યપ શુક્લના રાજકોટ શહેર માટેના મોટા યોગદાનને તાજી યાદો સાથે વાગોળવામાં આવ્યું હતું. આગેવાનોએ ડો. નેહલ શુક્લના મૃદુ સ્વભાવ, મીઠા આવકાર અને લાગણીશીલ વ્યક્તિત્વની પ્રશંસા કરી હતી.

આ મુલાકાતમાં સંગઠનના પ્રમુખ પ્રનંદ કલ્યાણી, ઉપપ્રમુખ ધર્મેશ જીવાણી અને ગોપી પટેલ, સેક્રેટરી મનિષ પટેલ, લાઈઝન ઈન્ચાર્જ અતુલ જોષી, દિપક કલ્યાણી, મીડિયા ઈન્ચાર્જ અશ્વિન પટેલ, કારોબારી સભ્ય પ્રશાંત ગાંગડીયા, ભુનેષ કલ્યાણી, પ્રકાશ કલ્યાણી તેમજ ક્લોથ મર્ચન્ટ એસોસિએશનના પંકજ બાટવીયા, ઉપેન માનસતા, મનીષ પારેખ અને ધર્મેન્દ્ર રોડ વેપારી એસોસિએશનના માનદ મંત્રી રાકેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

# પૂ. વ્રજરાજકુમારજીની ઉપસ્થિતિમાં 5 દિવસીય મનોરથ મહોત્સવ યોજાશે

### » 10 થી 14 જૂન દરમિયાન VYO શ્રીનાથ ધામ હવેલી ખાતે ભવ્ય આયોજન

### » રોજ સાંજે 6:30 વાગ્યે વિવિધ મનોરથ અને સવારે દુગ્ધાભિષેક દર્શન થશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**





રાજકોટના મોટા મવા રોડ પર આવેલી VYO શ્રીનાથ ધામ હવેલી ખાતે આગામી ૧૦ થી ૧૪ જૂન દરમિયાન વૈષ્ણવાચાર્ય પૂ. વ્રજરાજકુમારજીની મંગલ ઉપસ્થિતિમાં ભવ્ય મનોરથ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ૫ દિવસીય મહોત્સવમાં રાજકોટના શહેરીજનો અને વૈષ્ણવોને વિવિધ ધાર્મિક દર્શન તથા આશીર્વાદનો અલૌકિક લહાવો પ્રાપ્ત થશે.

કાર્યક્રમની રૂપરેખા મુજબ, આ ૫ દિવસ દરમિયાન રોજ સાંજે ૬:30 કલાકથી ઠાકોરજીના સુખાર્થે ભવ્યાતિભવ્ય નાવ-મનોરથ, માનસી ગંગા, કમલ તલાઈ, ગુલાલ કુંડ અને આમ્રકુંજ મનોરથના દર્શનનો લાભ મળશે. આ ઉપરાંત, રોજ સવારે મંગળા દર્શનમાં પૂ. વ્રજરાજકુમારજી દ્વારા ગિરિરાજજી પ્રભુને વિશેષ દુગ્ધાભિષેક કરવામાં આવશે.

મહોત્સવના વિશેષ આયોજન અંતર્ગત ૧૩ જૂન (શનિવાર) ના રોજ સવારે ૯:00 વાગ્યે વૈષ્ણવોના ઠાકોરજી પુષ્ટ કરવામાં આવશે. જ્યારે ૧૪ જૂન (રવિવાર) ના રોજ સવારે ૭:00 કલાકે હવેલીમાં ઠાકોરજી સમક્ષ પૂ. વ્રજરાજકુમારજી દ્વારા બ્રહ્મસંબંધ દીક્ષા અપાશે અને સાંજે ૬:30 કલાકે અતિ ભવ્ય 'આમ્રકુંજ' મનોરથના દર્શન યોજાશે.

વૈષ્ણવો પૂજ્ય આચાર્યની મુલાકાત અને આશીર્વાદ દરરોજ બપોરે ૧૧:૧૫ થી ૧૨:૧૫ અને સાંજે ૭:00 થી ૮:00 કલાક દરમિયાન લઈ શકશે. આ મહોત્સવ અંગે વધુ વિગતો માટે ૯૩૧૬૨ ૫૩૪૨૩ નંબર પર સંપર્ક કરવા આયોજકો દ્વારા જણાવાયું છે.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૦૮/૦૬/૨૬ ને સોમવાર નાં રોજ ૫:30 કલાકે "રાધે મ્યૂઝિકલ ગ્રુપ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૦૯/૦૬/૨૬ ને મંગળવાર નાં રોજ ૫:30 કલાકે " (મેલોડી) માસ્ટર્સ મ્યૂઝિકલ ગ્રુપ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૧૦/૦૬/૨૬ ને બુધવાર નાં રોજ ૫:30 કલાકે "શ્રી કલા મ્યૂઝિકલ ગ્રુપ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૧૧/૦૬/૨૬ ને ગુરુવાર નાં રોજ ૫:30 કલાકે "હનુમંત ક્રિએશન" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૧૨/૦૬/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:30 કલાકે "વન મેન શો" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૧૩/૦૬/૨૬ ને શનિવાર નાં રોજ ૫:30 કલાકે "મહાદેવ સોશ્યલ ગ્રુપ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૧૪/૦૬/૨૬ ને રવિવાર નાં રોજ ૫:30 કલાકે "દિલ સુંદર ગ્રુપ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, પ્રફુલભાઇ સોનેજી, ઈતુંભાઈ સવાણી, સોનલબેન બોસમિયા, ડૉ. પુલકિત બક્ષી, સુરેશચંદ્ર એન વ્યાસ, બિપિનભાઈ ઠાકર, દિલીપભાઇ સોની વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

## માર્કેટ અપડેટ્સ

ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269



| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| HEXAGON NUTRITION | 05/6 | 09/6 | 42 - 45 | 333 | 14,985 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| VAHH CHEMICALS | 04/6 | 08/6 | 60 | 4000 | 2,40,000 |
| UHM VACATION | 04/6 | 08/6 | 157 - 166 | 1600 | 2,65,600 |
| GENXAI ANALYTICS | 05/6 | 09/6 | 110 - 116 | 2400 | 2,78,400 |
| UTKAL SPECIALITY INDUSTRIES INDIA | 10/6 | 12/6 | 62 - 66 | 4000 | 2,64,000 |
| SUSAN ELECTRICALS INDIA | 11/6 | 15/6 | 120 - 127 | 2000 | 2,54,000 |
| HORIZON RECLAIM (INDIA) | 12/6 | 16/6 | 98 - 103 | 2400 | 2,47,200 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- રેલટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.ને ઉત્તર પ્રદેશ પોલિસ રિક્રૂટમેન્ટ એન્ડ પ્રમોશન બોર્ડ પાસેથી રૂ.૪૧,૩૨,૩૬,૪૭૩ નો વર્ક ઓર્ડર મળ્યો છે.
- કેએનઆર કન્સ્ટ્રક્શન્સ લિ.ના સુશી ઈન્ફ્રા એન્ડ માઈનિંગ લિ. સાથેના જોઈન્ટ વેન્ચરને રૂ.૩,૩૬૧.૧ કરોડનો ઓર્ડર મળ્યો છે. આ જોઈન્ટ વેન્ચરમાં કંપનીનો હિસ્સો ૫૧ ટકા છે.
- ક્રિએટીવ ન્યૂટેક લિ.ને ભારત સંચાર નિગમ લિ. પાસેથી આશરે રૂ.૩,૧૯૪.૮૩ કરોડનો પ્રોજેક્ટ મળ્યો છે.
- ઓઈલ ઈન્ડિયા લિ.એ જણાવ્યું હતું કે કંપનીને ઓપન એક્રેજ લાઇસન્સિંગ પોલિસી હેઠળ ઓશોર આંદામાન બ્લોક એએન-ઓએસએચપી-૨૦૧૮/૧ માં ૩૫૫ મીટરની પાણીની ઊંડાઈએ આંદામાન ટાપુઓના પૂર્વ કિનારા પર ૧૫ કિમી દૂર ખોદવામાં આવેલા તેના ત્રીજા સંશોધન કૂવામાં કુદરતી ગેસની હાજરીની જાહેરાત કરતા આનંદ થાય છે.
- એનટીપીસી લિ.એ જણાવ્યું છે કે એનટીપીસી લિ. અને ઉત્તર પ્રદેશ રાજ્ય વિદ્યુત ઉત્પાદન નિગમ લિ.એ ૪ જૂન, ૨૦૨૬ના રોજ ૫૦-૫૦ના પ્રમાણમાં મેજા ઉર્જા નિગમ પ્રા. લિ. માટે જોઈન્ટ વેન્ચર કરાર (એસજીવીએ)-૩ પર હસ્તાક્ષર કર્યા છે. કરાર હેઠલ મેજા સ્ટેજ-૨ની ક્ષમતા ૬૬૦ મેગાવોટની બેથી ૮૦૦ મેગાવોટની ત્રણ કરવામાં આવશે.
- હિન્દુસ્તાન કંસ્ટ્રક્શન કંપની લિ.એ જણાવ્યું છે કે કંપનીને વાંગચુ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર લિ. (ડબ્લ્યુએચપીએલ), ભૂતાન પાસેથી વાંગચુ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ સંબંધિત બાંધકામ કાર્ય માટે રૂ.૧૨૭ કરોડનો કોન્ટ્રાક્ટ મળ્યો છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**